مُنَزَّلٌ مِّنْ رَّبِّكَ بِالْحَقِّ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿١١٤﴾
وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا لَا مُبَدِّلَ
لِكَلِمٰتِهٖ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١١٥﴾ وَاِنْ تُطِعْ اَكْثَرَ
مَنْ فِي الْاَرْضِ يُضِلُّوْكَ عَنْ سَبِيْلِ اللّٰهِ اِنْ
يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿١١٦﴾
اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ مَنْ يَّضِلُّ عَنْ سَبِيْلِهٖ وَهُوَ
اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ﴿١١٧﴾ فَكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ
اِنْ كُنْتُمْ بِاٰيٰتِهٖ مُؤْمِنِيْنَ ﴿١١٨﴾ وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا
مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ
عَلَيْكُمْ اِلَّا مَا اضْطُرِرْتُمْ اِلَيْهِ وَاِنَّ كَثِيْرًا لَّيُضِلُّوْنَ
بِاَهْوَآئِهِمْ بِغَيْرِ عِلْمٍ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِالْمُعْتَدِيْنَ ﴿١١٩﴾

ربع

અય સાંભળનાર! તું કદાપી શંકાવાળાઓમાં ન થા (૧૧૪) અને સંપૂર્ણ છે તારા રબની વાત સત્ય અને ન્યાયમાં. તેની વાતોને કોઈ બદલનાર નથી.[11] અને તે જ સાંભળતો જાણતો (છે) (૧૧૫) અને અય સાંભળનાર! ધરતીમાં વધુ તેઓ છે કે જો તું તેમના કહેવા મુજબ ચાલે તો તને અલ્લાહના માર્ગથી ભટકાવી દે. તેઓ માત્ર અનુમાનની પાછળ છે.[12] અને નરી ધારણાઓ દોડાવે છે[13] (૧૧૬) તારો રબ ખૂબ જાણે છે કે તેના માર્ગથી કોણ ભટક્યું, અને તે ખૂબ જાણે છે. હિદાયતવાળાઓને (૧૧૭) તો ખાઓ તેમાંથી જેના પર અલ્લાહનું નામ લેવાયું,[14] જો તમે તેની આયતો માનતા હોવ (૧૧૮) અને તમને શું થયું કે તેમાંથી ન ખાઓ જેના[15] પર અલ્લાહનું નામ લેવાયું. તો તમને વિગતવાર વર્ણવી ચૂક્યો જે કંઈ હરામ થયું.[16] પણ જ્યારે તમને તેનાથી લાચારી હોય.[17] અને બેશક! ઘણા પોતાની મનેચ્છાઓ દ્વારા ભટકાવે છે જાણ્યા વગર. બેશક! તારો રબ હદથી વધનારાઓને ખૂબ જાણે છે (૧૧૯)

કર્મોની સજાની ખબરો, મારા સત્ય હોવાની સાક્ષી, અને તમારા જૂઠનું બયાન છે.

**શાને નુઝૂલ** :- મુશ્રિકો હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યા કરતા હતા કે; ''તમે આપણી વચમાં એક પંચ નક્કી કરી દો'' તેમના જવાબમાં આ આયત ઉતરી.

૧૦. કારણ કે તેમની પાસે એની દલીલો છે.

૧૧. ન કોઈ તેના ફેંસલાને બદલનાર, ન કોઈ તેના હુકમને રદ બાતલ કરનાર, અને ન તેનો વાયદો ભંગ થઈ શકે.

અમુક તફસીરકારો કહે છે કે કલામ જ્યારે સંપૂર્ણ છે તો તે ફેરબદલ અને ઉણપની ગુંજાઈશ વાળુ નથી. અને તે કયામત સુધી વધારા ઘટાડા અને ફેરફારથી જળવાએલું છે, અમુક તફસીરકારો કહે છે કે; અર્થ એ છે કે કોઈની તાકત નથી કે કુરઆન મજીદમાં વધારો ઘટાડો કરી શકે કારણ કે અલ્લાહ તઆલા એની હિફાઝતનો જામીન છે. (તફસીર અબૂસ્સઉદ)

૧૨. પોતાના જાહિલ અને ભટકેલા બાપ દાદાઓના પગલે ચાલે છે, આંતરિક દ્રષ્ટિ અને સત્યની ઓળખથી વંચિત છે.

૧૩. કે આ હલાલ છે અને આ હરામ, અને ધારણાથી કોઈ વસ્તુ હલાલ હરામ થતી નથી. જેને અલ્લાહ અને તેના રસૂલે હલાલ કર્યું તે હલાલ છે, અને જેને હરામ કર્યું તે હરામ.

૧૪. એટલે કે જે અલ્લાહના નામ પર ઝુબેહ કરાયું, ન તે જે પોતાના મૃત્યુથી મર્યું અથવા મૂર્તિઓના નામ પર ઝુબેહ કરાયું, તે હરામ છે. હલાલ થવાનો સંબંધ અલ્લાહના નામ પર ઝુબેહ થવા સાથે છે. આ

અને છોડી દો ઉઘાડા અને છુપા ગુનાહ. તેઓ જે ગુનાહ કમાય છે, નજીકમાં જ પોતાની કમાણીની સજા પામશે (૧૨૦) અને તેને ન ખાઓ જેના પર અલ્લાહનું નામ ન લેવાયું.[૧૮] અને તે બેશક! હુકમનું ઉલ્લંઘન છે. અને બેશક! શયતાનો પોતાના મિત્રોના દિલોમાં (એવી વાતો) નાખે છે કે (જેનાથી) તમારી સાથે ઝગડો કરે. અને જો તમે તેમનું કહ્યું માનો[૧૯] તો તે સમયે તમે મુશ્રિક છો[૨૦] (૧૨૧) અને શું તે જે મૃત હતો તો અમે તેને જીવંત કર્યો,[૨૧] અને તેના માટે એક નૂર કરી દીધું[૨૨] જેનાથી લોકોમાં ચાલે છે.[૨૩] તે તેના જેવો થઈ જશે જે અંધકારમાં છે?[૨૪] તેમાંથી નીકળનાર નથી એવી જ રીતે કાફિરોની આંખમાં એમના કર્મો રૂપાળાં કરી દેવામાં આવ્યા છે (૧૨૨) અને એ જ રીતે અમે દરેક આબાદીમાં તેના ગુનેહગારોના સરદાર બનાવ્યા કે તેમાં દાવ રમે.[૨૫] અને દાવ નથી રમતા પણ પોતાના જીવો પર અને તેમને સમજ નથી[૨૬] (૧૨૩) અને જ્યારે તેમની પાસે કોઈ નિશાની આવે ત્યારે કહે છે; "અમે કદાપી ઈમાન નહિ



وَذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَبَاطِنَهٗ ؕ اِنَّ الَّذِيْنَ
يَكْسِبُوْنَ الْاِثْمَ سَيُجْزَوْنَ بِمَا كَانُوْا يَقْتَرِفُوْنَ ﴿١٢٠﴾
وَلَا تَاْكُلُوْا مِمَّا لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَاِنَّهٗ
لَفِسْقٌ ؕ وَاِنَّ الشَّيٰطِيْنَ لَيُوْحُوْنَ اِلٰٓى اَوْلِيٰٓـِٕهِمْ
لِيُجَادِلُوْكُمْ ۚ وَاِنْ اَطَعْتُمُوْهُمْ اِنَّكُمْ لَمُشْرِكُوْنَ ﴿١٢١﴾
اَوَمَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ
بِهٖ فِى النَّاسِ كَمَنْ مَّثَلُهٗ فِى الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ
مِّنْهَا ؕ كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٢﴾
وَكَذٰلِكَ جَعَلْنَا فِىْ كُلِّ قَرْيَةٍ اَكٰبِرَ مُجْرِمِيْهَا
لِيَمْكُرُوْا فِيْهَا ؕ وَمَا يَمْكُرُوْنَ اِلَّا بِاَنْفُسِهِمْ وَ
مَا يَشْعُرُوْنَ ﴿١٢٣﴾ وَاِذَا جَآءَتْهُمْ اٰيَةٌ قَالُوْا

منزل ٢

મુશ્રિકોના તે વાંધાનો જવાબ છે જે તેમણે મુસલમાનો સામે લીધો હતો કે, તમે તમારું પોતાનું મારેલું તો ખાઓ છો અને અલ્લાહનું મારેલું એટલે કે પોતાના મૃત્યુથી મર્યું તેને હરામ જાણો છો.

૧૫. જે ઝુબેહ કરેલા જાનવર પર.

૧૬. **મસઅલો** :- આથી સાબિત થયું કે હરામ વસ્તુઓનું વિગતવાર બયાન થાય છે. અને હરામ સાબિત કરવા હરામનો હુકમ આવશ્યક છે. અને જે વસ્તુ માટે શરીઅતમાં હરામનો હુકમ ન હોય તે મુબાહ છે (તેના કરવામાં ગુનોહ નથી)

૧૭. તો લાચારી સમયે જરૂર જેટલાની છુટ છે.

૧૮. ઝુબેહ વખતે વાસ્તવમાં પણ નહિ અને માન્યતામાં પણ નહિ. પછી તે એવી રીતે હોય કે જાનવર પોતાના મૃત્યુથી મરી ગયું હોય અથવા તેને અલ્લાહ સિવાય અન્યના નામથી ઝુબેહ કરાયું હોય યા બિસ્મિલ્લાહે અલ્લાહુ અકબર જાણી જોઈને બોલ્યા વગર ઝુબેહ કર્યું હોય. પણ જ્યાં મુસલમાન ઝુબેહ કરનાર બિસ્મીલ્લાહે અલ્લાહુ અકબર બોલવાનું ભૂલી ગયો હોય, તો તે ઝુબેહ જાઈઝ છે. ત્યાં એ બોલવાનું તકદીરી (તેની માન્યતામાં) છે. જેવું કે હદીષ શરીફમાં ચર્ચાયું છે.

૧૯. અને અલ્લાહના હરામ કરેલાને હલાલ જાણો.

૨૦. કારણ કે દીનમાં અલ્લાહના હુકમને છોડવો અને બીજાના હુકમને માનવો અને અલ્લાહ સિવાય અન્યને હાકેમ સમજવો એ શિર્ક છે;

૨૧. મરેલા એટલે કાફિરો અને જીવંત એટલે મોમિન. કારણ કે કુફ્ર હૃદયોનું મૃત્યુ છે અને ઈમાન

લાવીએ જ્યાં સુધી અમને પણ એવું જ ન મળે જેવું કે અલ્લાહના રસૂલોને મળ્યું[૨૭] અલ્લાહ ખૂબ જાણે છે જ્યાં પોતાની રિસાલત રાખે.[૨૮] નજીકમાં ગુનેહગારોને અલ્લાહને ત્યાં અપમાન મળશે અને સખ્ત અઝાબ, એમના પ્રપંચનો બદલો (૧૨૪) અને જેને અલ્લાહ માર્ગ દેખાડવા ઈચ્છે તેની છાતી ઈસ્લામ માટે વિશાળ કરી દે છે.[૨૯] અને જેને ભટકાવવા ઈચ્છે છે તેની છાતી સાંકડી, ખૂબ ભીંસાયેલી બનાવી દે છે[૩૦] જાણે કોઈ બળજબરીથી આકાશ પર ચઢી રહયો છે. અલ્લાહ આમ જ અઝાબમાં નાખે છે ઈમાન નહિ લાવનારાઓને (૧૨૫) અને આ[૩૧] તમારા રબનો સીધો રસ્તો છે. અમે શિખામણ માનનારાઓ માટે આયતો વિગતવાર વર્ણવી દીધી છે (૧૨૬) એમના માટે એમના રબને ત્યાં સલામતીનું ઘર છે અને તે એમનો માલિક છે. આ એમના કામોનું ફળ છે (૧૨૭) અને જે દિવસે એ બધાને ઉઠાડશે, અને ફરમાવશે; "અય જિન્નાતના વર્ગ! તમે ઘણા માનવીઓ ઘેરી લીધા"[૩૨] અને



لَنْ نُّؤْمِنَ حَتّٰى نُؤْتٰى مِثْلَ مَاۤ اُوْتِىَ رُسُلُ اللّٰهِ
اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ سَيُصِيْبُ الَّذِيْنَ
اَجْرَمُوْا صَغَارٌ عِنْدَ اللّٰهِ وَعَذَابٌ شَدِيْدٌۢ بِمَا
كَانُوْا يَمْكُرُوْنَ ﴿١٢٤﴾ فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ يَّهْدِيَهٗ
يَشْرَحْ صَدْرَهٗ لِلْاِسْلَامِ وَمَنْ يُّرِدْ اَنْ يُّضِلَّهٗ
يَجْعَلْ صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ فِى
السَّمَآءِ كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ
لَا يُؤْمِنُوْنَ ﴿١٢٥﴾ وَهٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا قَدْ
فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ لَهُمْ دَارُ السَّلٰمِ
عِنْدَ رَبِّهِمْ وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٧﴾
وَيَوْمَ يَحْشُرُهُمْ جَمِيْعًا يٰمَعْشَرَ الْجِنِّ قَدِ اسْتَكْثَرْتُمْ

જીવન છે.

૨૨. નૂરથી ઈમાન મુરાદ છે, જેનાથી માનવી કુફ્રના અંધકારથી છુટકારો મેળવે છે. કતાદહનું કથન છે કે નૂરથી ખુદાની કિતાબ એટલે કે કુરઆન શરીફ મુરાદ છે.

૨૩. અને દ્રષ્ટિ પ્રાપ્ત કરીને સત્યમાર્ગને ઢુંઢી કાઢે છે.

૨૪. કુફ્ર, જહાલત અને અંતરના અંધકારનું આ દ્રષ્ટાંત છે જેમાં મોમિન અને કાફિરની હાલત વર્ણવવામાં આવી છે કે, સાચો માર્ગ મેળવનાર મો'મિન તે મૃત્યુ પામેલા જેવો છે જેને ફરી જીવન મેળવ્યું. અને તેને નૂર પ્રાપ્ત થયું જેનાથી તે ધારેલી જગ્યાનું માર્ગ મેળવે છે. અને કાફિર તેના જેવો છે જે જાતજાતના અંધકારમાં સપડાયેલા હોય, અને તેમાંથી નીકળી ન શકે. હમેશાં બાધાપણાની હાલતમાં લબદાએલો રહે. આ બન્ને દ્રષ્ટાંતો દરેક મો'મિન અને કાફિર માટે સામાન્ય છે. જો કે હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાના કથાનુસાર એનું **શાને નુઝૂલ** એ છે કે :-

અબૂ જહલે એક દિવસ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર કોઈ નાપાક વસ્તુ ફેકી હતી, તે દિવસે હઝરત અમીર હમઝા રદીયલ્લાહુ અન્હૂ શિકાર કરવા ગયેલા હતા, જ્યારે તેઓ હાથમાં કમાન લઈને શિકારેથી પાછા ફર્યા ત્યારે તેમને આ બનાવની ખબર આપવામાં આવી, ત્યાં સુધી તેઓ ઈમાનથી પાવન બન્યા ન હતા, પણ આ ખબર સાંભળીને તેમને ખૂબ ક્રોધ ભરાયો, અને તેઓ અબૂ જહલ પર ચઢી બેઠા અને તેને કમાન વડે મારવા માંડયા, અને અબૂ જહલ ખુશામદ અને ચાપલુસી કરવા લાગ્યો, અને બોલ્યો,

تیمنا... 



مِّنَ الْإِنسِ ۖ وَقَالَ أَوْلِيَاؤُهُم مِّنَ الْإِنسِ رَبَّنَا
اسْتَمْتَعَ بَعْضُنَا بِبَعْضٍ وَبَلَغْنَا أَجَلَنَا الَّذِي
أَجَّلْتَ لَنَا ۚ قَالَ النَّارُ مَثْوَاكُمْ خَالِدِينَ فِيهَا إِلَّا
مَا شَاءَ اللَّهُ ۗ إِنَّ رَبَّكَ حَكِيمٌ عَلِيمٌ ﴿١٢٨﴾ وَكَذَٰلِكَ
نُوَلِّي بَعْضَ الظَّالِمِينَ بَعْضًا بِمَا كَانُوا يَكْسِبُونَ ﴿١٢٩﴾
يَا مَعْشَرَ الْجِنِّ وَالْإِنسِ أَلَمْ يَأْتِكُمْ رُسُلٌ مِّنكُمْ
يَقُصُّونَ عَلَيْكُمْ آيَاتِي وَيُنذِرُونَكُمْ لِقَاءَ يَوْمِكُمْ
هَٰذَا ۚ قَالُوا شَهِدْنَا عَلَىٰ أَنفُسِنَا ۖ وَغَرَّتْهُمُ الْحَيَاةُ
الدُّنْيَا وَشَهِدُوا عَلَىٰ أَنفُسِهِمْ أَنَّهُمْ كَانُوا كَافِرِينَ ﴿١٣٠﴾
ذَٰلِكَ أَن لَّمْ يَكُن رَّبُّكَ مُهْلِكَ الْقُرَىٰ بِظُلْمٍ
وَأَهْلُهَا غَافِلُونَ ﴿١٣١﴾ وَلِكُلٍّ دَرَجَاتٌ مِّمَّا عَمِلُوا

તેમના મિત્ર માનવીઓ વિનંતી કરશે; "અય અમારા રબ! અમારામાં એક બીજાથી ફાયદો ઉઠાવ્યો.[૩૩] અને અમે આ મુદ્દત સુધી પહોંચ્યા જે તેં અમારા માટે નક્કી કરી હતી."[૩૪] ફરમાવશે; "આગ તમારૂં રહેઠાણ છે, હમેશાં એમાં રહો, પણ જેને અલ્લાહ ઈચ્છે"[૩૫] અય મહબૂબ! બેશક! તમારો રબ હિકમતવાળો છે (૧૨૮) અને આમ જ અમે જુલ્મીઓને એકને બીજા પર સરસાઈ આપીએ છીએ, તેમના કરતુતોનો બદલો[૩૬] (૧૨૯) અય જિન્નાત અને માનવીના જુથો! શું તમારી પાસે તમારામાંના રસૂલ ન આવ્યા હતા? તમારા પર મારી આયતો પઢતા, ને તમને આ દિવસ[૩૭] જોવાથી ડરાવતા[૩૮] કહેશે; "અમે અમારા પ્રાણો પર સાક્ષી આપી[૩૯] અને તેમને દુનિયાના જીવને છેતર્યા. અને પોતે સાક્ષી આપશે પોતાના પ્રાણો પર કે તેઓ કાફિર હતા[૪૦] (૧૩૦) આ[૪૧] એટલા માટે કે તારો રબ આબાદીઓને[૪૨] જુલ્મથી નાશ નથી કરતો, કે તેના લોકો બેખબર હો[૪૩] (૧૩૧) અને દરેક માટે[૪૪] તેમના

"અય અબૂ યઅલા! (અમીર હમઝાની અટક) શું તમે દેખતા નથી કે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) કેવો ધર્મ લાવ્યા છે? અને તેમણે આપણા મઅબૂદને બુરું ભલું કહ્યું, અને આપણા પુર્વજોનો વિરોધ કર્યો, અને આપણને કમઅક્કલ કહ્યા."

ત્યારે હઝરત અમીર હમઝાએ કહ્યું કે; તમારા જેવો કમઅક્કલ બીજો કોણ છે કે અલ્લાહને છોડીને પથ્થરોને પૂજો છો? હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, અને હું ગવાહી આપુ છું કે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અલ્લાહના રસૂલ છે.

તે જ સમયે હઝરત અમીર હમઝા રદીયલ્લાહુ અન્હૂએ ઈસ્લામ સ્વીકારી લીધો, તે વિષે આ આયતે કરીમા ઉતરી. તો અમીર હમઝાની હાલત મડદા જેવી હતી, જે ઈમાન ન ધરાવતું હતું, અલ્લાહ તઆલાએ તેને જીવતુ કર્યું, અને અંતરને પ્રકાશ આપ્યો. અને અબૂ જહલની હાલત એ છે કે તે કુફ્ર અને જહાલતના અંધકારમાં સપડાયેલો રહે.

૨૫. અને જાતજાતની ચાલબાજીઓ, ધોકાબાજીઓ અને પ્રપંચો વડે લોકોને ભટકાવવા અને અસત્યને પ્રસરાવવાના પ્રયાસો કરે છે.

૨૬. કે તેનો વબાલ તેમના પર જ પડે છે.

૨૭. અર્થાત જ્યાં સુધી અમારી પાસે વહી ન આવે, અને અમને નબી બનાવવામાં ન આવે.

**શાને નુઝૂલ** :- વલીદ બિન મુગીરાએ કહ્યું હતું; "જો નબુવ્વત સત્ય હોય તો એનો વધારે હકદાર હું છું કારણ કે મારી ઉંમર હુઝૂર કરતાં વધારે છે અને માલ દોલત પણ." ત્યારે આ આયત ઉતરી.

૨૮. અર્થાત અલ્લાહ જાણે છે કે નબુવ્વતની લાયકાત અને યોગ્યતા કોણ ધરાવે છે અને કોણ નહિ. ઉંમર અને ધનદોલત વડે કોઈ નબુવ્વતનો હકદાર બની શકતો નથી, અને આ નબુવ્વતના ઉમ્મેદવારો તો હસદ, પ્રપંચ, વચનભંગ વિગેરે કુકર્મો અને નીચ આદતોમાં સપડાયેલા છે. તેઓ ક્યાં અને નબુવ્વતની પદવી ક્યાં?

૨૯. તેને ઈમાનની તૌફીક આપે છે અને તેના હૃદયમાં પ્રકાશ પાથરે છે.

૩૦. કે એમાં જ્ઞાન અને તવહીદ તેમજ ઇમાનની દલીલોની ગુંજાઇશ ન રહે, તો તેની હાલત એવી થઈ જાય છે કે જ્યારે તેને ઈમાનનું નિમંત્રણ આપવામાં આવે છે, અને ઈસ્લામ તરફ બોલાવવામાં આવે છે, ત્યારે તે તેને ખૂબ જ આકરૂ લાગે છે, અને ઘણું જ અઘરૂં જણાય છે.

૩૧. ઈસ્લામ ધર્મ.

૩૨. તેમને ભટકાવ્યા અને સાચા માર્ગથી દૂર ફેંકી દીધા.

૩૩. એવી રીતે કે માનવીઓએ વાસના અને ગુનાહખોરીમાં તેમની મદદ મેળવી, ને જિન્નતોએ (શયતાનોએ) માનવીઓને પોતાના આજ્ઞાંકિત બનાવ્યા, અંતે એનું ફળ ભોગવ્યું.

૩૪. સમય પસાર થઈ ગયો, કયામતનો દિવસ આવી ગયો, પસ્તાવો અને શરમિંદગી રહી ગઈ.

૩૫. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે, આ અપવાદ તે કોમ તરફ વળે છે જેમના વિષે અલ્લાહના ઈલ્મમાં છે કે તેઓ ઈમાન લાવશે, અને નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સાચા સમજશે. તેમને જહન્નમમાંથી કાઢવામાં આવશે.

૩૬. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે જ્યારે અલ્લાહ કોઈ કોમની ભલાઈ ઈચ્છે છે ત્યારે સારા લોકોને તેમની સાથે મૂકે છે, બુરાઈ ઈચ્છે છે ત્યારે બુરા લોકોને. આનાથી એ પરિણામ નીકળે છે કે જે કોમ જુલ્મી હોય છે તેમના માથે જુલ્મી રાજા ઠોકવામાં આવે છે. તો જેઓ જુલ્મીના અત્યાચારી પંજાથી છુટવા માંગે તેમણે જોઈએ કે અત્યાચાર ત્યજી દે.

૩૭. અર્થાત કયામતનો દિવસ.

૩૮. અને ખુદાઈ અઝાબનો ડર અપાવતા.

૩૯. કાફિર જિન્નાત અને માનવીઓ એકરાર કરશે કે તેમની પાસે રસૂલ આવ્યા, અને તેમના મોઢે સંદેશ પહોંચાડયો, અને આ દિવસ માથે પડનાર પરિસ્થિતિનો ડર બતાવ્યો, છતાં કાફિરોએ તેમને જૂઠાડયા અને તેમના પર ઈમાન ન લાવ્યા. કાફિરોનો આ એકરાર તે સમયે થશે જ્યારે તેમના શરીરના અવયવો તેમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે.

૪૦. કયામતનો દિવસ ઘણો લાંબો હશે, અને તેમાં જુદી જુદી હાલતો સામે આવશે, જ્યારે કાફિરો મો'મિનોના ઈનામ ઈકરામ અને ઈજ્જત આબરૂને જોશે ત્યારે પોતાના કુફ્ર શિર્કનો ઈન્કાર કરી દેશે, અને એવો વિચાર કરીને કે કદાચ ફરી જવાથી કંઈ કામ બની જાય. કહેશે; "વલ્લાહિ રબ્બિના માકુન્ના મુશ્રિકીન" (અલ્લાહના સોગંદ અમે મુશ્રિક ન હતા) ત્યારે તેમના મોઢા પર મોહર મારી દેવામાં આવશે, અને તેમના અવયવો તેમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે, તે બાબત જ આ આયતમાં ફરમાવ્યું છે કે "વશહિદુ અલા અનફુસિહિમ અન્નહુમ કાનુ કાફિરીન" (પોતાના પ્રાણો પર સાક્ષી આપશે કે તેઓ કાફિર હતા.)

૪૧. અર્થાત રસૂલોનું પધારવું.

કામોમાંથી દરજ્જા છે. અને તારો રબ તેમના કર્મોથી અજાણ નથી. (૧૩૨) અને અય મહબૂબ! તમારો રબ બેપરવાહ છે રહમતવાળો. અય લોકો! તે ઈચ્છે તો તમને લઈ જાય,[૪૫] અને જેને ઈચ્છે તેને તમારી જગ્યાએ લાવે. જેમકે તમને બીજાઓના વંશમાં જન્માવ્યા[૪૬] (૧૩૩) બેશક! જેનો તમને વાયદો આપવામાં આવે છે[૪૭] (તે) જરૂર આવનાર છે, અને તમે (તેને) થકવી શકતા નથી (૧૩૪) તમે કહો; "અય મારી કૌમ! તમે તમારી જગ્યાએ કામ કર્યે જાવ, હું મારૂં કામ કરૂં છું" તો અબ ઘડી જાણશો કે આખિરતનું ઘર કોનું થાય છે. બેશક! જુલ્મીઓ સફળતા પામતા નથી (૧૩૫) અને[૪૮] અલ્લાહે જે ખેતી અને જાનવરો બનાવ્યા, તેમાં તેને એક ભાગીદાર બનાવ્યો, તો બોલ્યા; "આ અલ્લાહનું છે, તેમની માન્યતામાં, અને આ અમારા (બનાવી કાઢેલા અલ્લાહના) ભાગીદારોનું"[૪૯] તો તેજે એમના ભાગીદારોનું છે તે તો (તેમની માન્યતા અનુસાર) ખુદાને પહોંચતું નથી. અને જે ખુદાનું છે તે તેમના ભાગીદારોને પહોંચે છે. કેટલો ખરાબ હુકમ લાગુ કરે છે[૫૦] (૧૩૬) અને આમ જ ઘણા મુશ્રિકોની દ્રષ્ટિમાં



وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعْمَلُونَ ﴿١٣٢﴾ وَرَبُّكَ الْغَنِيُّ
ذُو الرَّحْمَةِ ۚ إِن يَشَأْ يُذْهِبْكُمْ وَيَسْتَخْلِفْ
مِن بَعْدِكُم مَّا يَشَاءُ كَمَا أَنشَأَكُم مِّن ذُرِّيَّةِ
قَوْمٍ آخَرِينَ ﴿١٣٣﴾ إِنَّ مَا تُوعَدُونَ لَآتٍ ۖ وَمَا أَنتُم
بِمُعْجِزِينَ ﴿١٣٤﴾ قُلْ يَا قَوْمِ اعْمَلُوا عَلَىٰ مَكَانَتِكُمْ
إِنِّي عَامِلٌ ۖ فَسَوْفَ تَعْلَمُونَ مَن تَكُونُ لَهُ
عَاقِبَةُ الدَّارِ ۗ إِنَّهُ لَا يُفْلِحُ الظَّالِمُونَ ﴿١٣٥﴾ وَجَعَلُوا
لِلَّهِ مِمَّا ذَرَأَ مِنَ الْحَرْثِ وَالْأَنْعَامِ نَصِيبًا فَقَالُوا
هَٰذَا لِلَّهِ بِزَعْمِهِمْ وَهَٰذَا لِشُرَكَائِنَا ۖ فَمَا كَانَ
لِشُرَكَائِهِمْ فَلَا يَصِلُ إِلَى اللَّهِ ۖ وَمَا كَانَ لِلَّهِ فَهُوَ
يَصِلُ إِلَىٰ شُرَكَائِهِمْ ۗ سَاءَ مَا يَحْكُمُونَ ﴿١٣٦﴾ وَكَذَٰلِكَ

૪૨. તેમની ગુનાહખોરી અને

૪૩. બલ્કે રસૂલો મોકલવામાં આવે છે, તેઓ એમને સીધો માર્ગ દેખાડે છે, દલીલો કાયમ કરે છે, તે છતાં તેઓ માથું ઊંચકે છે, ત્યારે નાશ કરવામાં આવે છે.

૪૪. તે સારા હોય કે નરસા, સારા નરસાના ક્રમ છે, તે મુજબ જ સવાબ કે અઝાબ મળશે.

૪૫. અર્થાત નાશ કરી નાખે.

૪૬. અને તેમની જગ્યાએ બેસાડયા.

૪૭. તે વસ્તુ કયામત હોય કે મૃત્યુ પછી ઉઠવાનું હોય અથવા હિસાબ, અઝાબ વિગેરે હોય.

૪૮. અજ્ઞાનયુગમાં મુશ્રિકોની રીત રસમ એવી હતી કે તેઓ પોતાની ખેતી, ઝાડોનાં ફળો અને ઢોરઢાંખર અને બધા જ માલમાંથી એક ભાગ તો અલ્લાહનો નક્કી કરતા હતા, અને એક ભાગ મૂર્તિઓનો. જે ભાગ અલ્લાહ માટે નક્કી કરતા હતા તેને તો મહેમાનો અને ગરીબો માટે ખર્ચી કાઢતા હતા. અને જે મૂર્તિઓ માટે નક્કી કરતા હતા તે ખાસ પોતાના અને પોતાના ચાકરો માટે વાપરતા હતા. અને જે ભાગ અલ્લાહ માટે નક્કી કરતા તેમાંથી જો થોડું મૂર્તિઓવાળા ભાગમાં ભેગું થઈ જતું તો તેને છોડી દેતા, અને જો મૂર્તિઓવાળા ભાગમાંથી થોડું પેલા ભાગમાં ભળી જાય તો તેને કાઢીને પાછું મૂર્તિઓવાળા ભાગમાં મૂકી દેતા હતા. આ આયતમાં તેમની એવી જહાલત કુબુદ્ધિનું વર્ણન કરી તેની બાબત ચેતવણી આપવામાં આવી.

૪૯. એટલે કે મૂર્તિઓનું.

૫૦. અને હદ દરજ્જાની અજ્ઞાનતામાં સપડાયેલા છે, સર્જન કરનાર દાતાની ઈજ્જત અને જલાલની

زَيَّنَ لِكَثِيرٍ مِّنَ الْمُشْرِكِينَ قَتْلَ أَوْلَادِهِمْ
شُرَكَاؤُهُمْ لِيُرْدُوهُمْ وَلِيَلْبِسُوا عَلَيْهِمْ دِينَهُمْ وَلَوْ
شَاءَ اللَّهُ مَا فَعَلُوهُ فَذَرْهُمْ وَمَا يَفْتَرُونَ وَقَالُوا
هَٰذِهِ أَنْعَامٌ وَحَرْثٌ حِجْرٌ لَّا يَطْعَمُهَا إِلَّا مَن
نَّشَاءُ بِزَعْمِهِمْ وَأَنْعَامٌ حُرِّمَتْ ظُهُورُهَا وَأَنْعَامٌ لَّا
يَذْكُرُونَ اسْمَ اللَّهِ عَلَيْهَا افْتِرَاءً عَلَيْهِ سَيَجْزِيهِم
بِمَا كَانُوا يَفْتَرُونَ وَقَالُوا مَا فِي بُطُونِ هَٰذِهِ
الْأَنْعَامِ خَالِصَةٌ لِّذُكُورِنَا وَمُحَرَّمٌ عَلَىٰ أَزْوَاجِنَا
وَإِن يَكُن مَّيْتَةً فَهُمْ فِيهِ شُرَكَاءُ سَيَجْزِيهِمْ وَصْفَهُمْ
إِنَّهُ حَكِيمٌ عَلِيمٌ قَدْ خَسِرَ الَّذِينَ قَتَلُوا أَوْلَادَهُمْ
سَفَهًا بِغَيْرِ عِلْمٍ وَحَرَّمُوا مَا رَزَقَهُمُ اللَّهُ افْتِرَاءً عَلَى

તેમના ભાગીદારોએ ઔલાદને મારી નાખવાનું સરસ કરી દેખાડયું છે[૫૧] કે (જેથી) તેમનો નાશ કરે અને તેમનો ધર્મ તેમના પર શંકાસ્પદ કરી દે.[૫૨] અને અલ્લાહ ઈચ્છતે તો આમ ન કરત, તો તમે એમને છોડો, તેઓ છે અને તેમનાં જૂઠાણાં (૧૩૭) અને બોલ્યા;[૫૩] "આ ઢોરો અને ખેતી રોકી દેવાએલી[૫૪] છે, અને તે જ ખાય જેને અમે ઈચ્છીએ" પોતાના જૂઠા ખ્યાલથી.[૫૫] અને અમુક જાનવરો છે કે તેમના પર સવારી કરવી હરામ ઠેરવ્યું[૫૬] અને અમુક જાનવરોના ઝુબેહ પર અલ્લાહનું નામ નથી લેતા.[૫૭] આ બધું અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડવું છે. નજીકમાં જ તે તેમને તેમના અસત્ય ઘડવાનો બદલો આપશે (૧૩૮) અને બોલ્યા; 'જે આ જાનવરોના પેટોમાં છે તે માત્ર અમારા પુરૂષો માટે છે,[૫૮] અને અમારી સ્ત્રીઓ પર હરામ છે. અને મરેલું નીકળે તો તે બધાં[૫૯] એમાં ભાગીદાર છે' નજીક છે કે અલ્લાહ તેમને તેમની વાતોનો બદલો આપશે. બેશક! તે હિકમત અને ઈલ્મવાળો છે (૧૩૯) બેશક! તબાહ થયા તે જેઓ પોતાની ઔલાદને મારી નાખે છે મૂર્ખતા, જહાલતથી.[૬૦] અને

તેમને જરા પણ ઓળખ નથી. અને બુદ્ધિની ખરાબી એટલી હદે પહોંચી ગઈ કે તેમને નિર્જીવ મૂર્તિઓ અને પથ્થરના આકારોને જગતનો કારોબાર ચલાવનારની સરખાં કરી દીધા. અને જેવો તેનો ભાગ નક્કી કર્યો તેવો જ મૂર્તિઓ માટે પણ કર્યો. બેશક! આ ઘણું જ ખરાબ કાર્ય અને હદ દરજ્જાની અજ્ઞાનતા તેમજ મહાન ભૂલ અને ભટકેલપણું છે. ત્યારબાદ તેમની જહાલત અને ગુમરાહીની બીજી એક હાલત વર્ણવવામાં આવે છે.

૫૧. અહીં ભાગીદારોનો મતલબ તે શયતાનો છે જેમની તાબેદારીના શોખમાં મુશ્રિકો અલ્લાહની નાફરમાની અને આજ્ઞાઓનું ઉલ્લંઘન ચલાવી લેતા હતા. અને એવા ખરાબ કૃત્યો અને જહાલતના કામો કરતા હતા કે જેને સતબુદ્ધિ કદી સહી ન શકે, અને જેના ખરાબ હોવામાં ઓછા સમજના માણસને પણ શંકા ન હોય. મૂર્તિપૂજાની વબાલથી તેઓ એવી કુબુદ્ધિમાં ફસાયા કે જાનવરોથી પણ ખરાબ બની ગયા. અને ઔલાદ કે જેની સાથે પ્રાકૃતિક રીતે દરેક સજીવને પ્રેમ હોય છે, શયતાનોની તાબેદારીમાં તેનું નાહક ખૂન કરવું તેમણે ચલાવી લીધું, અને એને સારૂં સમજવા માંડયા.

૫૨. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યુ છે કે; એ લોકો પહેલાં હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામના દીન પર હતા, શયતાનોએ એમને ભટકાવીને આવી ગુમરાહીઓમાં નાખ્યા કે એમને ઈસ્માઈલી દીનથી ફેરવી કાઢયા.

૫૩. મુશ્રિકો પોતાના અમુક ઢોર અને ખેતીને પોતાના જૂઠા મઅ્બૂદોનાં નામનું નક્કી કરીને બોલ્યા;

૫૪. એનાથી ફાયદો પ્રાપ્ત કરવાની મનાઈ છે.

اللّٰهُ قَدْ ضَلُّوْا وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ۝ وَهُوَ الَّذِیْٓ
اَنْشَاَ جَنّٰتٍ مَّعْرُوْشٰتٍ وَّغَيْرَ مَعْرُوْشٰتٍ وَّالنَّخْلَ
وَالزَّرْعَ مُخْتَلِفًا اُكُلُهٗ وَالزَّيْتُوْنَ وَالرُّمَّانَ
مُتَشَابِهًا وَّغَيْرَ مُتَشَابِهٍ ۭ كُلُوْا مِنْ ثَمَرِهٖٓ اِذَآ اَثْمَرَ
وَاٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ ۡ وَلَا تُسْرِفُوْا ۭ اِنَّهٗ لَا يُحِبُّ
الْمُسْرِفِيْنَ ۝ وَمِنَ الْاَنْعَامِ حَمُوْلَةً وَّفَرْشًا ۭ كُلُوْا
مِمَّا رَزَقَكُمُ اللّٰهُ وَلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۭ اِنَّهٗ
لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ۝ ثَمٰنِيَةَ اَزْوَاجٍ ۚ مِنَ الضَّاْنِ
اثْنَيْنِ وَمِنَ الْمَعْزِ اثْنَيْنِ ۭ قُلْ ءٰۗالذَّكَرَيْنِ حَرَّمَ
اَمِ الْاُنْثَيَيْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ
الْاُنْثَيَيْنِ ۭ نَبِّئُوْنِيْ بِعِلْمٍ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝

હરામ ઠેરવે છે તે જે અલ્લાહે તેઓને રોજી આપી[૬૧] અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડવા[૬૨] બેશક! તેઓ ભટકયા અને માર્ગ ન મેળવ્યો (૧૪૦) અને તે જ છે જેણે બનાવ્યા બગીચા, અમુક પૃથ્વી પર છવાએલા.[૬૩] અને અમુક નહિ છવાએલા. અને ખેતી જેમાં રંગ રંગનો ખોરાક અને જૈતૂન અને દાડમ, કોઈ વાતમાં મળતાં[૬૪] અને કોઈમાં અલગ.[૬૫] ખાઓ તેનાં ફળ જ્યારે ફળે. અને તેનો હક આપો જે દિવસે કપાય.[૬૬] અને અસ્થાને ન ખર્ચો.[૬૭] બેશક! અસ્થાને ખર્ચનાર તેને પસંદ નથી (૧૪૧) અને ઢોરોમાંથી અમુક ભાર વહન કરનાર અને અમુક જમીન પર પથરાએલ.[૬૮] ખાઓ તેમાંથી જે અલ્લાહે તમને રોજી આપી, અને શયતાનના પગલે ન ચાલો, બેશક! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૧૪૨) આઠ નર અને માદા, એક જોડ ઘેટાની અને એક જોડ બકરીની. તમે ફરમાવો; શું તેણે બન્ને નર હરામ કર્યા અથવા બન્ને માદા? અથવા તે જેને બન્ને માદાઓ પેટમાં ધરાવે છે?[૬૯] કોઈ ઈલ્મથી બતાવો જો તમે સાચા હોવ (૧૪૩)

૫૫. અર્થાત મૂર્તિઓની સેવા ચાકરી કરનાર વિગેરે.

૫૬. જેને 'બહીરા' 'સાઈબા' 'હામી' કહે છે.

૫૭. બલ્કે પેલી મૂર્તિઓના નામ પર ઝુબેહ કરે છે. અને આ બધાં કાર્યો સંબંધે એવું ગુમાન કરે છે કે તેમને અલ્લાહે એનો હુકમ આપ્યો છે.

૫૮. જો જીવતું જન્મે તો ફકત તેમના માટે જ હલાલ છે.

૫૯. પુરૂષો અને સ્ત્રીઓ.

૬૦. **શાને નુઝૂલ :-** આ આયત અજ્ઞાનયુગના તે લોકો બાબત ઉતરી જેઓ પોતાની પુત્રીઓને ઘણાં જ અત્યાચાર અને નિર્દયતાથી જીવતી દાટી દેતા હતા. રબીઆ અને મુદર વિગેરે કબીલાઓમાં એનો રિવાજ ખૂબ હતો. અને તે સમયના અમુક લોકો પુત્રોને મારી નાખતા હતા. અને નિર્દયતાની હાલત એ હતી કે કૂતરાઓને પાળતા હતા, અને ઔલૈદને મારી નાખતા હતા, તેમના માટે ફરમાવ્યું કે તબાહ થયા. અને એમાં શક નથી કે ઔલાદ અલ્લાહ તઆલાની નેઅમત છે. અને તેનો નાશ કરવાથી પોતાની જ સંખ્યા ઓછી થાય છે. પોતાનો જ વંશ ખતમ થાય છે. આ દુનિયાનું નુકશાન, ઘરનો વિનાશ, અને આખિરતમાં એના પર સખત અઝાબ છે. તો એ કાર્ય દુનિયા અને આખેરત બન્નેમાં તબાહીનું કારણ બન્યું. તેથી પોતાની દુનિયા અને આખેરત બન્ને તબાહ કરવી, અને ઔલાદ જેવી પ્યારી વસ્તુ સાથે આવી નિર્દયતા વાપરવી એ સખ્ત દરજ્જાની અજ્ઞાનતા અને મૂર્ખતા છે.

૬૧. અર્થાત બહીરા, સાઈબા, હામી વિગેરે જે ઉપર વર્ણવાઈ ચૂકયા.

અને એક જોડ ઊંટની, ને એક જોડ ગાયની. તમે ફર-
માવો; શું તેણે બન્ને નર હરામ કર્યા યા બન્ને માદા?
અથવા તે જેને બંને માદાઓ પેટમાં ધરાવેલ છે?[૭૦] શું
તમે હાજર હતા જ્યારે અલ્લાહે તમને એ હુકમ આપ્યો?[૭૧]
તો તેનાથી વધીને જુલ્મી કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી
બેસાડે, જેથી લોકોને પોતાની જહાલત વડે ભટકાવે.
બેશક! અલ્લાહ જાલિમોને માર્ગ દેખાડતો નથી (૧૪૪)
તમે કહો;[૭૨] હું નથી દેખતો તેમાં જે મારા તરફ વહી થઈ
(કે) કોઈ ખાનાર પર કોઈ ખાવાની વસ્તુ હરામ (હોય),[૭૩]
પણ એ મરેલું હોય, અથવા નસોનું વહેતુ લોહી,[૭૪]
અથવા સુવ્વરનું માંસ, તે નાપાકી છે. અથવા તે નાફ-
રમાનીનું જાનવર જેના ઝુબેહમાં અલ્લાહ સિવાય બીજાનું
નામ પોકારાયું. તો જે લાચાર બન્યો[૭૫] ન એ કે પોતે
ઈચ્છા કરે અને ન એ કે જરૂર કરતાં વધે, તો બેશક!
અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૭૬] (૧૪૫) અને
યહૂદીઓ પર અમે દરેક નખવાળુ જાનવર હરામ કર્યું.[૭૭]
અને ગાય તેમજ બકરીની ચરબી તેમના પર હરામ
કરી, પણ જે તેમની પીઠમાં લાગેલી હોય, અથવા

ولو اننا ٨ الانعام ٦

وَمِنَ الْاِبِلِ اثْنَیْنِ وَمِنَ الْبَقَرِ اثْنَیْنِ قُلْ ءٰٓالذَّكَرَیْنِ
حَرَّمَ اَمِ الْاُنْثَیَیْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَیْهِ اَرْحَامُ
الْاُنْثَیَیْنِ اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ وَصّٰىكُمُ اللّٰهُ بِهٰذَا
فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا لِّیُضِلَّ النَّاسَ
بِغَیْرِ عِلْمٍ اِنَّ اللّٰهَ لَا یَهْدِی الْقَوْمَ الظّٰلِمِیْنَ ﴿۱۴۴﴾ قُلْ
لَّاۤ اَجِدُ فِیْ مَاۤ اُوْحِیَ اِلَیَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ یَّطْعَمُهٗۤ
اِلَّاۤ اَنْ یَّكُوْنَ مَیْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِیْرٍ
فَاِنَّهٗ رِجْسٌ اَوْ فِسْقًا اُهِلَّ لِغَیْرِ اللّٰهِ بِهٖ فَمَنِ اضْطُرَّ
غَیْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ رَبَّكَ غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۴۵﴾ وَعَلَى
الَّذِیْنَ هَادُوْا حَرَّمْنَا كُلَّ ذِیْ ظُفُرٍ وَمِنَ الْبَقَرِ
وَالْغَنَمِ حَرَّمْنَا عَلَیْهِمْ شُحُوْمَهُمَاۤ اِلَّا مَا حَمَلَتْ

૬૨. કારણ કે તેઓ એવું માને છે કે આવા બુરાં કામોનો હુકમ અલ્લાહે આપ્યો છે. તેમનો એ ખ્યાલ અલ્લાહ પર જૂઠ છે.

૬૩. અર્થાત ટેકરાઓ પર ચઢાવેલા જેમકે દ્રાક્ષ વિગેરેના.

૬૪. દાખલા તરીકે રંગમાં અથવા પાંદડાઓમાં.

૬૫. જેમકે સ્વાદ અને અસર કરવામાં.

૬૬. અર્થ એ છે કે આ વસ્તુઓ જ્યારે ફળે, તે સમયથી જ ખાવું તો તમારા માટે મુબાહ છે. અને એની ઝકાત એટલે કે દસમો ભાગ એનો સંપૂર્ણ થયા પછી વાજિબ થાય છે, જ્યારે ખેતી કાપવામાં આવે, અથવા ફળો ઉતારવામાં આવે.

**મસઅલો** :- લાકડુ, વાંસ અને ઘાસ સિવાય જમીનની બીજી પેદાશમાં જો એ પેદાશ વરસાદના પાણીથી હોય તેમાં દસમો ભાગ (ઝકાત) વાજિબ થાય છે. અને સીંચાઈના પાણીથી હોય તો એનાથી અડધું.

૬૭. આ'લા હઝરતે "ઈસરાફનો" તરજુમો અસ્થાને ખર્ચ કરવાનો કર્યો છે. જે એક ઉત્તમ તરજુમો છે. જે બધો માલ ખર્ચી કાઢયો અને પોતાના બાલ બચ્ચાંને કશું ન આપ્યું અને પોતે ફકીર બની બેઠો તો સદીનુ કહેવું છે એ ખર્ચ અસ્થાને છે. અને સદકો કરવાથી જ હાથ રોકી લીધો તો એ પણ અસ્થાને અને ઈસરાફમાં સામેલ છે. જેવું કે સઈદ ઈબ્ને મુસય્યબ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે. સુફિયાનનું કથન છે કે અલ્લાહની ઈબાદત સિવાય બીજા કામમાં જે માલ ખર્ચાય તે થોડો હોય તો પણ ઈસરાફ છે, ઝહરીનું કહેવું છે કે એનો અર્થ એ છે કે, ગુનાહના કામમાં ખર્ચ ન કરો. મુજાહિદે કહ્યું છે કે અલ્લાહના હકમાં પાછી પાની

કરવી ઇસ્રાફ છે અને અબૂકબીસ પર્વત જેટલું સોનું હોય અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચી કાઢો તો ઈસરાફ નથી, અને એક દમડી પણ ગુનાહના કામમાં ખર્ચો તો એ ઈસરાફ છે.

૬૮. ઢોર બે પ્રકારના હોય છે, અમુક મોટા જે વજન મૂકવાના કામમાં આવે છે, અને અમુક નાના જેમકે બકરી વિગેરે જે એ લાયક નથી. એમાંથી જે અલ્લાહે હલાલ કર્યાં તે ખાઓ, અને અજ્ઞાનયુગવાળા-ઓની જેમ અલ્લાહની હલાલ કરેલી વસ્તુઓને હરામ ન ઠેરવો.

૬૯. અર્થાત અલ્લાહે ન ઘેટા બકરાનાં નર હરામ કર્યા છે ન એમની માદાઓ હરામ કરી, ન એમની ઔલાદ હરામ કરી, અને તમારૂં એ કામ કે કદી નર હરામ ઠેરવો કદી માદા કદી તેમનાં બચ્ચાં એ બધું તમારૂં ઉપજાવી કાઢેલું છે અને મનેચ્છાનુ અનુસરણ. કોઈ હલાલ વસ્તુ કોઈના હરામ કહેવાથી હરામ થતી નથી.

૭૦. આ આયતમાં અજ્ઞાનયુગના લોકોને ચેતવણી અપાઈ છે, જેઓ પોતાની તરફથી હલાલ વસ્તુઓને હરામ ઠેરવી લેતા હતા, જેમનું વર્ણન ઉપરની આયતોમાં થઈ ચૂક્યું છે. જ્યારે ઈસ્લામમાં એહકામનું બયાન થયું ત્યારે તેમણે નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે ઝગડો કર્યો. તેમનો પ્રવકતા માલિક બિન ઔફ જશમી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઈને કહેવા લાગ્યો; "અય મુહમ્મદ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અમે સાંભળ્યું છે કે તમે તે વસ્તુઓને હરામ કરો છો જેને અમારા બાપ-દાદાઓ કરતા આવ્યા છે?" હુઝૂરે ફરમાવ્યું; "તમે કોઈપણ આધાર વગર જાનવરોની અમુક જાતો હરામ કરી લીધી, અને અલ્લાહ તઆલાએ આઠ નર માદા પોતાના બન્દાઓના ખાવા તેમજ એમના ફાયદા માટે બનાવી, તમે ક્યાંથી તેમને હરામ કર્યા? તેમના હરામ થવાનું નર તરફથી આવ્યું કે માદા તરફથી?" માલિક બિન ઔફ એ સાંભળીને ચુપ અને દંગ થઈ ગયો અને કશું બોલી શક્યો નહિ. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; "બોલતો કેમ નથી?" તે કહેવા લાગ્યો "તમે ફરમાવો હું સાંભળીશ."

સુબ્હાનલ્લાહ ! સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની વાકછટા અને વાતના પ્રભાવે જાહેલિય્યતના ખતિબને ચુપ અને દંગ કરી નાખ્યો અને તે બોલી પણ શું શકતો હતો? જો કહેત કે નર તરફથી હરામ થવાનું આવ્યું છે તો જરૂરી બનતે કે બધા જ નર હરામ થાય. અને કહેત કે માદા તરફથી આવ્યું છે, તો જરૂરી બનત કે દરેક માદા હરામ થાત. અને જો તે કહેત કે; જે પેટમાં છે તે હરામ છે. તો પછી બધા જ હરામ થઈ જાત, કારણ કે પેટમાં યા તો નર હશે યા માદા. તેઓ જે ચોક્કસ કરી કાઢતા હતા કે અમુકને હલાલ અને અમુકને હરામ ઠેરવતા હતા, આ દલીલે તેમના હરામ હોવાના દાવાને ખોટો ઠેરવ્યો. અને એ સિવાય તેમને એ પૂછ્યું કે; "અલ્લાહે નર હરામ કર્યા છે? અથવા માદા? અથવા પેટમાંના બચ્ચાં?" એ વસ્તુ નબુવ્વતને નહિ માનનાર વિરોધીને નબુવ્વતના સ્વીકાર પર લાચાર કરવા માટે હતું. કારણ કે જ્યાં સુધી નબુવ્વતનું માધ્યમ ન હોય ત્યાં સુધી અલ્લાહ તઆલાની મરજી અને તેની કોઈ વસ્તુ હરામ કરવી કેવી રીતે જાણી શકાય છે? જેમકે આગળના વાક્યે એને સ્પષ્ટ કર્યું છે.

૭૧. જ્યારે એ વસ્તુ નથી અને નબુવ્વતનો સ્વીકાર નથી કરતા તો પછી એ હરામના હુકમને અલ્લાહ તરફ સંબંધિત કરવો જૂઠ અને ઉઘાડું ઘડી કાઢેલું અસત્ય છે.

૭૨. એ અજ્ઞાન મુશ્રિકોને જે હલાલ વસ્તુઓને પોતાની મનેચ્છાથી હરામ કરી લે છે.

૭૩. આમાં ચેતવણી છે કે હરામ શરીઅતના આદેશથી થાય છે નહિ કે પોતાની મરજીથી.

**મસઅલો** :- તો જે વસ્તુનું હરામ હોવું શરીઅતમાં વર્ણવાએલું ન હો તેને નાજાઈઝ અને હરામ કહેવું

الانعام ولو اننا

ظهورهما او الحوايا او ما اختلط بعظم ذلك جزينهم
ببغيهم وانا لصدقون (١٤٦) فان كذبوك فقل
ربكم ذو رحمة واسعة ولا يرد بأسه عن القوم
المجرمين (١٤٧) سيقول الذين اشركوا لو شاء الله
ما اشركنا ولا اباؤنا ولا حرمنا من شيء كذلك
كذب الذين من قبلهم حتى ذاقوا بأسنا قل
هل عندكم من علم فتخرجوه لنا ان تتبعون الا
الظن وان انتم الا تخرصون (١٤٨) قل فلله الحجة البالغة
فلو شاء لهدىكم اجمعين (١٤٩) قل هلم شهداءكم الذين
يشهدون ان الله حرم هذا فان شهدوا فلا تشهد
معهم ولا تتبع اهواء الذين كذبوا بايتنا والذين

આંતરડાં યા હાડકાં સાથે મળેલી હોય. અમે આમ તેમની ઉદ્ધતાઈનો બદલો આપ્યો.[૭૮] અને બેશક! અમે અવશ્ય સાચા છીએ (૧૪૬) પછી જો તેઓ તમને જૂઠાડે તો તમે કહો; તમારો રબ મહાન રહમતવાળો છે.[૭૯] અને તેનો અઝાબ ગુનેહગારો પરથી ટાળવામાં નથી આવતો[૮૦] (૧૪૭) હવે મુશ્રિકો કહેશે કે;[૮૧] "અલ્લાહ ઈચ્છત તો ન અમે શિર્ક કરત ન અમારા બાપ–દાદા ન અમે કંઈ હરામ ઠેરવત"[૮૨] આમ જ એમના આગળનાઓએ જૂઠાડયું હતું, એટલે સુધી કે અમારો અઝાબ ચાખ્યો.[૮૩] તમે કહો; "શું તમારી પાસે કંઈ વિદ્યા છે કે તેને અમારા માટે કાઢો? તમે નર્યા અનુમાનની પાછળ છો, અને તમે આમ જ અંદાજ લગાડો છો"[૮૪] (૧૪૮) તમે કહો; "તો અલ્લાહ ની દલીલ જ સંપૂર્ણ છે,[૮૫] તો તે ઈચ્છત તો તમને બધાને હિદાયત આપત" (૧૪૯) તમે કહો; "લાવો તમારી તે સાક્ષી જેઓ ગવાહી આપે કે અલ્લાહે એ હરામ કર્યું"[૮૬] જો પછી તેઓ સાક્ષી આપી બેસે,[૮૭] તો અય સાંભળનાર! તુ તેમની સાથે સાક્ષી ન આપીશ અને તેમની ઈચ્છાઓ પાછળ ન ચાલીશ, જેઓ અમારી આયતોને જૂઠાડે છે,

ખોટું છે. હરામ હોવાની સાબિતી યા તો કુરઆનની વહી દ્વારા હોય અથવા હદીષની વહી દ્વારા એ જ વિશ્વસનિય છે.

૭૪. તો જે લોહી વહેતું ન હોય જેમકે કલેજુ અને તિલ્લી, તો તે હરામ નથી.

૭૫. અને આવશ્યક્તાએ તેને એ વસ્તુઓમાંથી કોઈ વસ્તુ ખાવા લાચાર બનાવ્યો, એવી પરિસ્થિતિમાં વ્યાકુળ થઈને તેણે થોડું ખાધું.

૭૬. તેની પકડ નહિ કરે.

૭૭. જે આગળાં ધરાવતું હોય. ઢોર હોય કે પક્ષી. એમાં ઊંટ અને શાહમુર્ગનો સમાવેશ થાય છે. (મદારિક) અમુક તફસીરકારોનું કથન છે કે અહીંયાં શાહમુર્ગ અને બતક અને ઊંટ ખાસ કરીને છે.

૭૮. યહૂદીઓ પોતાની ઉદ્ધતાઈના કારણે એ વસ્તુઓથી વંચિત કરી દેવામાં આવ્યા, જેથી એ વસ્તુઓ તેમના પર હરામ રહી. અને આપણી શરીઅતમાં ગાય બકરીની ચરબી અને ઊંટ તેમજ બતક તથા શાહમુર્ગ હલાલ છે. એના પર જ સહાબા અને તાબેઇનની એકમતી છે. (તફસીરે અહમદી)

૭૯. જૂઠાડનારાઓને મોહતલ આપે છે અને શિક્ષા કરવામાં જલ્દી નથી કરતો જેથી તેમને ઈમાન લાવવાની તક સાંપડે.

૮૦. પોતાના સમય પર આવી જ જાય છે.

૮૧. આ ગૈબની ખબર છે કે જે વાત તેઓ કહેવાના હતા તે વાત અગાઉથી કહી દીધી.

૮૨. અમે જે કંઈ કર્યું તે અલ્લાહના ઈચ્છવાથી થયું એ વાતની દલીલ છે કે તે એનાથી ખુશ છે.

لا يؤمنون بالآخرة وهم بربهم يعدلون ﴿١٥٠﴾ قل
تعالوا اتل ما حرم ربكم عليكم الا تشركوا به شيئا
وبالوالدين احسانا ولا تقتلوا اولادكم من املاق
نحن نرزقكم واياهم ولا تقربوا الفواحش ما ظهر
منها وما بطن ولا تقتلوا النفس التي حرم الله الا
بالحق ذلكم وصاكم به لعلكم تعقلون ﴿١٥١﴾ ولا
تقربوا مال اليتيم الا بالتي هي احسن حتى يبلغ
اشده واوفوا الكيل والميزان بالقسط لا نكلف
نفسا الا وسعها واذا قلتم فاعدلوا ولو كان ذا
قربى وبعهد الله اوفوا ذلكم وصاكم به لعلكم
تذكرون ﴿١٥٢﴾ وان هذا صراطي مستقيما فاتبعوه

અને જેઓ આખેરત પર ઈમાન નથી લાવતા, અને પોતાના રબની સમકક્ષ ઠેરવે છે[૮૮] (૧૫૦) તમે કહો; "આવો! હું તમને પઢી સંભળાવું જે તમારા રબે હરામ કર્યું,[૮૯] એ કે તેનો કોઈ ભાગીદાર ન બનાવો અને માં-બાપ સાથે ભલાઈ કરો.[૯૦] અને પોતાની ઔલાદ કતલ ન કરો મુફ્લિસીના કારણે, અમે તમને અને તેમને બધાંને રોજી આપીશું.[૯૧] અને નિર્લજ્જતા પાસે ન જાઓ, જે એમાં સ્પષ્ટ છે અને જે છુપી.[૯૨] અને જે જીવ (ને મારવાનું) અલ્લાહે હરામ રાખ્યું તેને નાહક ન મારો.[૯૩] આ તમને હુકમ ફરમાવ્યો છે કે તમને અક્કલ આવે" (૧૫૧) "અને યતીમોના માલની પાસે ન જાઓ પણ ઘણી જ ઉત્તમ રીતે,[૯૪] જ્યાં સુધી તેઓ પોતાની યુવાન વયે પહોંચે.[૯૫] અને તોલ-માપ ન્યાય સાથે પુરૂં કરો" અમે કોઈ જીવ પર ભાર નથી લાદતા પણ તેની શક્તિ મુજબ. "અને જ્યારે વાત કરો તો ઈન્સાફની કરો, ભલે પછી તમારા સગા સંબંધીનો મામલો હોય. અને અલ્લાહનો જ વાયદો પુરો કરો. આ તમને તાકીદ કરી કે ક્યાંક તમે શિખામણ માનો" (૧૫૨) અને એ કે[૯૬] "આ છે મારો સીધો

૮૩. અને એ ખોટું બહાનું તેમને કશા કામ ન આવ્યું, કારણ કે તેની જાણ અનુસાર થવાથી એ અનિવાર્ય બનતું નથી કે એ તેની મરજી મુજબ ને તેના હુકમ અનુસાર છે. મરજી તો તે જ છે જે નબીઓ મારફત બતાવવામાં આવી અને જેને હુકમ કરવામાં આવ્યો.

૮૪. અને ખોટા અનુમાન બાંધો છો.

૮૫. કે તેણે રસૂલ મોકલ્યા, કિતાબો ઉતારી, સત્ય માર્ગ સ્પષ્ટ કરી દીધો.

૮૬. જેને તમે પોતાના માટે હરામ કરો છો અને કહો છો કે અલ્લાહ તઆલાએ અમને એનો હુકમ આપ્યો છે.

આ ગવાહી એટલા માટે માંગવામાં આવી કે જેથી જાહેર થઈ જાય કે કાફિરો પાસે કોઈ સાક્ષી નથી, અને જે તેઓ કહે છે તે તેમની ઉપજાવી કાઢેલી વાત છે.

૮૭. આમાં ચેતવણી છે કે જો એવી ગવાહી રજુ થાય તો પણ 'એ' પોતાની મરજીનું અનુસરણ અને જૂઠ તેમજ ખોટી હશે.

૮૮. મૂર્તિઓને મઅ્બૂદ સમજે છે, અને શિર્કમાં સપડાયેલ છે.

૮૯. તેનું વર્ણન આ છે;

૯૦. કારણ કે તમારા પર તેમના ઘણા હક્કો છે. તેમણે તમારૂં પોષણ કર્યું તમારી સાથે પ્યાર અને મહેરબાનીની વર્તણુંક રાખી, દરેક ભયસ્થાનથી તમારી જાળવણી રાખી, તેમના હક્કોનો ખયાલ નહિ કરવો અને તેમની સાથે સદવર્તનને છોડી દેવું હરામ છે.

ولو اننا ٨ الانعام ٦

ولا تتبعوا السبل فتفرق بكم عن سبيله ذلكم
وصكم به لعلكم تتقون ثم اتينا موسى الكتب
تماما على الذي احسن وتفصيلا لكل شيء و
هدى ورحمة لعلهم بلقاء ربهم يؤمنون وهذا كتب
انزلنه مبرك فاتبعوه واتقوا لعلكم ترحمون
ان تقولوا انما انزل الكتب على طائفتين من
قبلنا وان كنا عن دراستهم لغفلين او تقولوا
لو انا انزل علينا الكتب لكنا اهدى منهم فقد
جاءكم بينة من ربكم وهدى ورحمة فمن
اظلم ممن كذب بايت الله وصدف عنها
سنجزي الذين يصدفون عن ايتنا سوء العذاب

રસ્તો, તો એના પર ચાલો, અને અન્ય માર્ગે ન ચાલો,[૯૭] કે તમને તેના રસ્તાથી અલગ કરી દેશે. આ તમને આદેશ આપ્યો કે ક્યાંક તમને પરહેઝગારી સાંપડે (૧૫૩)" પછી અમે મૂસાને કિતાબ આપી[૯૮]. તેના પર સંપૂર્ણ ઉપકાર કરવા જે નેક છે. દરેક વસ્તુની વિગત અને માર્ગદર્શન અને રહમત, કે ક્યાંક તેઓ[૯૯] પોતાના રબના મેળાપ પર ઈમાન લાવે[૧૦૦] (૧૫૪) અને આ બરકતવાળી કિતાબ[૧૦૧] અમે ઉતારી, તો એને અનુસરો અને પરહેઝગારી કરો કે (જેથી) તમારા પર કૃપા થાય (૧૫૫) (કે) ક્યાંક (એવું) કહો કે કિતાબ તો અમારા અગાઉ બે જુથો પર ઉતરી હતી[૧૦૨] અને અમને તે પઢવા બઢવાની કશી ખબર ન હતી[૧૦૩] (૧૫૬) અથવા (એવું) કહો કે, "જો અમારા પર કિતાબ ઉતરંત તો અમે તેમના કરતાં વધારે સાચા રસ્તા પર હોત"[૧૦૪] તો તમારી પાસે તમારા રબની સ્પષ્ટ દલીલ અને હિદાયત અને રહમત આવી.[૧૦૫] તો તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહની આયતોને જૂઠાડે અને તેનાથી મોઢું ફેરવે. નજીકમાં જ તે જેઓ અમારી આયતોથી મોઢું ફેરવે છે, અમે તેમને મહાન

૯૧. આમાં ઔલાદને જીવતી દાટી દેવાને અને મારી નાખવાને હરામ ઠેરવવામાં આવ્યું જેનો રિવાજ અજ્ઞાનયુગમાં હતો. તેઓ ઘણું કરીને નાદારીની બ્હીકે ઔલાદનો નાશ કરતા હતા. તેમને બતાવવામાં આવ્યું કે તમને, તેમને અને બધાને રોજી આપનાર અલ્લાહ છે, પછી શા માટે તમે હત્યા જેવા સખ્ત ગુનાહમાં સપડાઓ છો?

૯૨. કારણ કે માનવી જ્યારે ખુલ્લા અને જાહેર ગુનાહથી બચે અને છુપા ગુનાહથી દૂર ન રહે, ત્યારે તેનું જાહેર ગુનાહથી વેગળું રહેવું પણ ખુદા ખાતર નથી હોતું, લોકોને દેખાડવા અને તેમની બદગોઈથી બચવા માટે હોય છે. અને અલ્લાહની ખુશી અને સવાબના લાયક તે છે જે તેના ખૌફથી ગુનાહ ત્યજે.

**૯૩. તે વાતો જેના કારણે કતલ કરવું યોગ્ય ઠરે છે તે આ મુજબ છે; મુર્તદ થઈ જવું અથવા કિસાસ** (ખૂનનો બદલો ખૂન) અથવા પરણિત વ્યક્તિએ વ્યાભિચાર કરવું (અર્થાત એ ગુનાહોની સજા મૃત્યુદંડ છે).

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; કોઈ મુસલમાન જે લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહની ગવાહી આપતો હોય તેનું ખૂન હલાલ નથી, પણ આ ત્રણ કારણોમાંના કોઈ એક કારણસર પરણિત હોવા છતાં જેનાથી વ્યભિચાર થઈ ગયો, અથવા તેણે કોઈને નાહક મારી નાખ્યો હોય અને તેનો કિસાસ (બદલો) તેના પર આવતો હોય, અથવા તે મઝહબ ત્યજીને મુરતદ બની ગયો હોય.

૯૪. જેનાથી તેમનો ફાયદો હોય.

૯૫. તે સમયે તેનું ધન તેને સોંપી દો.

અઝાબની સજા આપીશું. તેમનું મોઢું ફેરવવાનો બદલો (૧૫૭) શેની પ્રતિક્ષામાં છે?[૧૦૬] પણ એ કે તેમની પાસે ફરિશ્તાઓ આવે,[૧૦૭] અથવા તમારા રબનો અઝાબ, અથવા તમારા રબની એક નિશાની આવે.[૧૦૮] જે દિવસે તમારા રબની તે એક નિશાની આવશે, (ત્યારે) કોઈ જીવને ઈમાન લાવવું કામ નહિ લાગે. જે પહેલાં ઈમાન ન લાવ્યો હતો, અથવા પોતાના ઈમાનમાં કોઈ ભલાઈ ન કમાયો હતો.[૧૦૯] તમે કહો; "રાહ જુઓ,[૧૧૦] અમે પણ જોઈએ છીએ" (૧૫૮) તેઓ જેમણે પોતાના ધર્મમાં જુદા જુદા માર્ગો કાઢયા, અને ઘણા જુથો થઈ ગયા.[૧૧૧] અય મહબૂબ! તમને તેમનાથી કશી લેવા દેવા નથી. તેમનો મામલો અલ્લાહના જ હવાલે છે. પછી તે તેમને બતાવી દેશે જે તેઓ કરતા હતા[૧૧૨] (૧૫૯) જે એક નેકી લાવે તો તેના માટે તેના જેવી દશ છે[૧૧૩] અને જે બુરાઈ લાવે તો તેને બદલો નહિ મળે પણ તેના જેટલોજ. અને તેમના પર જુલ્મ નહિ થાય (૧૬૦) તમે કહો; "બેશક! મને મારા રબે સીધો માર્ગ દેખાડયો[૧૧૪] બરાબર ઈબ્રાહીમના ધર્મનો રાહ, જેઓ દરેક અસત્યથી



بِمَا كَانُوا يَصْدِفُونَ ﴿١٥٧﴾ هَلْ يَنظُرُونَ إِلَّا أَن تَأْتِيَهُمُ
الْمَلَٰئِكَةُ أَوْ يَأْتِيَ رَبُّكَ أَوْ يَأْتِيَ بَعْضُ آيَاتِ رَبِّكَ
يَوْمَ يَأْتِي بَعْضُ آيَاتِ رَبِّكَ لَا يَنفَعُ نَفْسًا إِيمَانُهَا
لَمْ تَكُنْ آمَنَتْ مِن قَبْلُ أَوْ كَسَبَتْ فِي إِيمَانِهَا
خَيْرًا قُلِ انتَظِرُوا إِنَّا مُنتَظِرُونَ ﴿١٥٨﴾ إِنَّ الَّذِينَ
فَرَّقُوا دِينَهُمْ وَكَانُوا شِيَعًا لَّسْتَ مِنْهُمْ فِي شَيْءٍ
إِنَّمَا أَمْرُهُمْ إِلَى اللَّهِ ثُمَّ يُنَبِّئُهُم بِمَا كَانُوا
يَفْعَلُونَ ﴿١٥٩﴾ مَن جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ عَشْرُ أَمْثَالِهَا
وَمَن جَاءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزَىٰ إِلَّا مِثْلَهَا وَهُمْ
لَا يُظْلَمُونَ ﴿١٦٠﴾ قُلْ إِنَّنِي هَدَانِي رَبِّي إِلَىٰ صِرَاطٍ
مُّسْتَقِيمٍ دِينًا قِيَمًا مِّلَّةَ إِبْرَاهِيمَ حَنِيفًا وَمَا



૯૬. આ બન્ને આયતોમાં જેનો હુકમ અપાયો છે (તેના વિષે કહો કે;)

૯૭. જે ઈસ્લામથી વિરુદ્ધ હોય. યહૂદી ધર્મ હોય કે ક્રિશ્ચિયન અથવા બીજો કોઈ ધર્મ.

૯૮. તવરાત

૯૯. અર્થાત બની ઈસરાઈલ.

૧૦૦. અને મરણ પછી જીવંત થવાની, તેમજ હિસાબ અને સવાબ તથા અઝાબ, તેમજ અલ્લાહના દીદારની સત્યતા સ્વીકારે.

૧૦૧. એટલે કે કુરઆન શરીફ, જે ખૂબ જ બરકતવંત અને અતિ ફાયદાકારક છે, અને કયામત સુધી બાકી રહેશે, અને ફેરફાર સુધારા વધારાથી જળવાએલું રહેશે.

૧૦૨. અર્થાત યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પર તવરાત અને ઈન્જીલ.

૧૦૩. કારણ કે તે (કિતાબો) અમારી ભાષામાં ન હતી, ન અમને તેનો કોઈએ અર્થ કહયો. અલ્લાહ તઆલાએ કુરઆન શરીફ ઉતારીને તેમના એ બહાનાને કાપી નાખ્યું.

૧૦૪. કાફિરોના એક જુથે કહ્યું હતું કે; યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પર કિતાબો ઉતરી, છતાં તેઓ કુબુદ્ધિમાં સપડાયેલા રહયા, તે કિતાબોથી ફાયદો ન ઉઠાવ્યો. અમે તેમની જેવા કમ અક્કલ અને નાદાન નથી, અમારી બુદ્ધિ સતેજ છે. અમારી અક્કલ અને સમજદારી એવી છે કે જો અમારા પર કિતાબ ઉતરત તો અમે સાચા રસ્તા પર હોત. (અલ્લાહ તઆલાએ) કુરઆન ઉતારીને તેમનું એ બહાનું પણ કાપી નાખ્યું જેમકે આગળ ફરમાવ્યું છે;

વેગળા હતા અને મુશ્રિક ન હતા."[૧૧૫] (૧૬૧) તમે કહો; "બેશક! મારી નમાઝ અને મારી કુરબાનીઓ અને મારૂં જીવવું અને મરવું, બધું અલ્લાહ માટે જ છે, જે બધાય જગતનો પાલનહાર (છે) (૧૬૨) તેનો કોઈ ભાગીદાર નથી, મને એવો જ આદેશ અપાયો છે, અને હું સર્વ પ્રથમ મુસલમાન છું"[૧૧૬] (૧૬૩) તમે કહો; "શું અલ્લાહ સિવાય બીજો રબ ઈચ્છું? અને પરિસ્થિતિ એ છે કે તે દરેક વસ્તુનો પરવરદિગાર છે"[૧૧૭] અને જે કોઈ કંઈ કમાયે તે તેની જ જવાબદારી પર છે. અને કોઈ ભાર ઊંચકનાર જીવ બીજાનો ભાર નહિ ઊંચકે.[૧૧૮] પછી તમારે પોતાના પરવરદિગાર તરફ ફરવાનું છે.[૧૧૯] તે તમને દેખાડશે (તે) જેમાં તમે મતભેદ રાખતા હતા (૧૬૪) અને તે જ છે જેને ધરતીમાં તમને નાયબ બનાવ્યા,[૧૨૦] અને તમારામાં એકને બીજા પર કંઈ કેટલાએ દરજ્જા (ની) બુલંદી આપી,[૧૨૧] કે (જેનાથી) તમને અજમાવે[૧૨૨] તે વસ્તુમાં જે તમને આપી. બેશક! તમારા રબને અઝાબ કરતાં વાર નથી લાગતી. અને બેશક! તે અવશ્ય માફ કરનાર માયાળુ છે (૧૬૫)

ولو اننا — الانعام ٦

كَانَ مِنَ الْمُشْرِكِينَ ﴿١٦١﴾ قُلْ إِنَّ صَلَاتِي
وَنُسُكِي وَمَحْيَايَ وَمَمَاتِي لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ﴿١٦٢﴾ لَا
شَرِيكَ لَهُ وَبِذَٰلِكَ أُمِرْتُ وَأَنَا أَوَّلُ الْمُسْلِمِينَ ﴿١٦٣﴾
قُلْ أَغَيْرَ اللَّهِ أَبْغِي رَبًّا وَهُوَ رَبُّ كُلِّ
شَيْءٍ وَلَا تَكْسِبُ كُلُّ نَفْسٍ إِلَّا عَلَيْهَا
وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ثُمَّ إِلَىٰ رَبِّكُمْ
مَرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِيهِ تَخْتَلِفُونَ ﴿١٦٤﴾
وَهُوَ الَّذِي جَعَلَكُمْ خَلَائِفَ الْأَرْضِ
وَرَفَعَ بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ دَرَجَاتٍ
لِيَبْلُوَكُمْ فِي مَا آتَاكُمْ إِنَّ رَبَّكَ سَرِيعُ
الْعِقَابِ وَإِنَّهُ لَغَفُورٌ رَحِيمٌ ﴿١٦٥﴾

૧૦૫. અર્થાત આ કુરઆન મજીદ જેમાં સ્પષ્ટ દલીલ, ચોખ્ખું બયાન તેમજ હિદાયત અને રહમત છે.

૧૦૬. જ્યારે અલ્લાહના એક હોવા બાબત અને રસૂલના સત્ય હોવા પર ઝબરદસ્ત દલીલો રજુ થઈ ચૂકી, અને કુફ્ર તથા ગુમરાહીની અસત્યતા જાહેર કરી દેવામાં આવી, તો પછી હવે ઈમાન લાવવામાં શેની પાછી પાની છે? શેનો ઈન્તેઝાર છે?

૧૦૭. તેમના જીવ કાઢવા માટે.

૧૦૮. કયામતની નિશાનીઓમાંથી મોટા ભાગના તફસીરકારો મુજબ તે નિશાની સૂર્યનું પશ્ચિમમાંથી ઉગવું છે. તિરમિઝીની હદીષમાં પણ એવું જ વર્ણવાયું છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે જ્યાં સુધી સૂર્ય પશ્ચિમમાંથી નહિ ઉગે ત્યાં સુધી કયામત નહિ આવે, અને જ્યારે તે પશ્ચિમમાં ઉદય પામશે, અને લોકો તેને દેખશે ત્યારે બધા જ ઈમાન લાવશે, પણ એ ઈમાન ફાયદો નહિ કરે.

૧૦૯. એટલે કે હુકમને માન ન આપ્યું હતું. મતલબ એ છે કે નિશાની આવતાં પહેલાં જેઓ ઈમાન ન લાવ્યા, નિશાની પછી તેમનું ઈમાન સ્વીકારાશે નહિ. એવી જ રીતે જે નિશાની પહેલાં તવબહ ન કરે, નિશાની આવ્યા પછી તેની તવબહ કબૂલ નથી. પરંતુ જે ઈમાનદાર લોકો પહેલાંથી જ સારાં કામો કરતા હશે, તેમના અમલ નિશાની પછી પણ સ્વીકારવામાં આવશે.

૧૧૦. તેમાંથી ગમે તે એકની એટલે કે મોતના ફરિશ્તાઓના આગમનની, અથવા અઝાબ કે નિશાની આવવાની.

૧૧૧. યહૂદીઓ અને ખ્રિસ્તીઓની જેમ હદીષ શરીફમાં છે કે, યહૂદીઓ ૭૧ જુથોમાં વહેંચાઈ ગયા,

سورة الاعراف مكية ... بسم الله الرحمن الرحيم ...
المص ﴿١﴾ كتب انزل اليك فلا يكن في صدرك
حرج منه لتنذر به وذكرى للمؤمنين ﴿٢﴾
اتبعوا ما انزل اليكم من ربكم ولا تتبعوا من
دونه اولياء قليلا ما تذكرون ﴿٣﴾ وكم من
قرية اهلكنها فجاءها باسنا بياتا او هم
قائلون ﴿٤﴾ فما كان دعوىهم اذ جاءهم باسنا
الا ان قالوا انا كنا ظلمين ﴿٥﴾ فلنسئلن
الذين ارسل اليهم ولنسئلن المرسلين ﴿٦﴾
فلنقصن عليهم بعلم وما كنا غائبين ﴿٧﴾ والوزن
يومئذ الحق فمن ثقلت موازينه فاولئك

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમતવાળો છે[૧૨૩]**

અય મહબૂબ! એક કિતાબ તમારી તરફ ઉતારવામાં આવી. તો તમારો જીવ એનાથી રોકાઈ ન જાય.[૧૨૪] એટલા માટે કે તમે એના વડે ડર સંભળાવો, અને મુસલમાનોને નસીહત (૨) અય લોકો! તેના પર ચાલો જે તમારી તરફ તમારા પરવરદિગાર તરફથી ઉતર્યું.[૧૨૫] અને એને છોડીને બીજા સત્તાધારીઓ પાછળ ન જાઓ. ઘણુ જ ઓછું સમજો છો (૩) કંઈ કેટલીએ વસ્તુઓનો અમે નાશ કર્યો.[૧૨૬] તો તેમના પર અમારો અઝાબ રાત્રે આવ્યો, અથવા ત્યારે જ્યારે તેઓ બપોરે સૂતા હતા[૧૨૭] (૪) તો તેમના મોઢેથી કશું ન નીકળ્યું જ્યારે અમારો અઝાબ તેમના પર આવ્યો. પણ એટલું જ બોલ્યા કે; 'અમે જાલિમ હતા'[૧૨૮] (૫) તો અવશ્ય અમારે તેમને પૂછવું છે[૧૨૯] જેમની પાસે રસૂલ ગયા. અને બેશક! જરૂર અમારે રસૂલોને (પણ) પૂછવું છે[૧૩૦] (૬) તો જરૂર અમે તમને અમારા જ્ઞાનથી બતાવી આપીશું,[૧૩૧] અને અમે કંઈ અનઉપસ્થિત ન હતા (૭) અને તે દિવસે તોલ જરૂર થવાનું જ છે.[૧૩૨] તો જેમના પલડાં ભારે થયાં,[૧૩૩] તેઓ જ નિર્ધારિત સ્થાને

તેમાંથી ફકત એક જ નજાત પામનાર છે, બીજા બધાં દોઝખી. અને ખ્રિસ્તીઓ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા, તેમાંથી માત્ર એક જ નજાત મેળવનાર છે. બાકી બધા જહન્નમી. અને મારી ઉમ્મત ૭૩ ફાંટાઓમાં વહેંચાઈ જશે, તે બધા જ દોઝખી હશે, સિવાય કે એ ફિર્કો જે સવાદે આઝમ અર્થાત મોટી જમાઅત છે. અને એક રિવાયતમાં છે કે જે મારા અને મારા અસ્હાબોની રાહ પર છે.

૧૧૨. અને આખેરતમાં તેમને પોતાના કાર્યોનું પરિણામ જણાઈ જશે.

૧૧૩. એટલે કે એક નેકી કરનારને દશ નેકીઓનો બદલો. અને એ પણ અંત અને છેડો નથી. બલ્કે અલ્લાહ જેના માટે ઈચ્છે તેના માટે તેની નેકીઓને ઓર પણ વધારે. એકની સાતસો કરે અથવા અગણિત આપે. અસલ વસ્તુ એ છે કે નેકીઓનો સવાબ માત્ર કૃપા છે. અહલે સુન્નતનો એ જ મઝહબ છે. અને બુરાઈનો બદલો તેના પ્રમાણમાં જ એ ન્યાય છે.

૧૧૪. એટલે કે ઈસ્લામ ધર્મ જે અલ્લાહને સ્વીકાર્ય છે.

૧૧૫. આમાં કુરેશી કાફિરોને રદીયો અપાયો છે, જેમનું ગુમાન હતું કે તેઓ ઈબ્રાહીમી ધર્મ પર છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હઝરત ઈબ્રાહીમ મુશ્રિક અને મૂર્તિપૂજક ન હતા. માટે મૂર્તિપૂજા કરનાર મુશ્રિકોનો એ દાવો કે તેઓ ઈબ્રાહીમી મિલ્લત પર છે, ખોટો છે.

૧૧૬. પ્રાથમિકતા યા તો એ છે કે નબીઓનું ઈમાન ઉમ્મતીઓ કરતાં પ્રથમ હોય છે. અથવા એ રીતે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મખ્લૂકાતમાં સર્વ પ્રથમ છે, તો અવશ્ય સર્વપ્રથમ મુસ્લિમ પણ થયા.

૧૧૭. **શાને નુઝૂલ :-** કાફિરોએ નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; તમે અમારા ધર્મ

પ્રતિ પલ્ટી આવો, અને અમારા મઅબૂદોની ઈબાદત કરો.

હઝરત ઈબ્ને અબ્બાસ કહે છે કે; વલીદ બિન મુગિરાએ કહ્યું હતું કે; "મારો રસ્તો પકડી લો, જો એમાં કોઈ ગુનાહ હશે તો મારા માથે." તે બાબત આ આયતે કરીમા ઉતરી. અને બતાડવામાં આવ્યું કે તે રસ્તો ખોટો છે. અલ્લાહને ઓળખનાર કેવી રીતે ચલાવી શકે કે અલ્લાહ સિવાય અન્યને રબ બનાવે? અને એ પણ ખોટું છે કે કોઈનો ગુનોહ બીજો ઉઠાવે.

૧૧૮. દરેક વ્યક્તિ પોતાના ગુનાહસર પકડવામાં આવશે, બીજાના ગુનાહસર નહિ.

૧૧૯. કયામતના દિવસે.

૧૨૦. કારણ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અંતિમ નબી છે, આપના પછી કોઈ નબી નથી, અને આપની ઉમ્મત અંતિમ ઉમ્મત છે. માટે તેમને પૃથ્વીમાં આગલાઓના નાયબ બનાવ્યા, કે એના માલિક બને અને વપરાશમાં લાવે.

૧૨૧. શકલો-સૂરતમાં, રુપ અને ખૂબસૂરતીમાં રોજી અને માલમાં, ઈલ્મ અને અક્કલમાં, શક્તિ અને કમાલમાં.

૧૨૨. એટલે કે કસોટીમાં નાખે કે તમે નેઅમત, મૌભો અને ધન પામીને કેવા આભાર માનનારા બનો છો? અને અંદરો અંદર એકબીજાના સાથે કેવો વર્તાવ કરો છો?

૧૨૩. આ સૂરત મક્કા શરીફમાં ઉતરી. અને એક રિવાયતમાં છે કે પાંચ આયતો સિવાય આ સૂરત મક્કી છે. તે પાંચમાંની પહેલી "વસ્અલ્હુમ અનીલ કરયતિલ્લતી" વાળી આયત છે.

આ સૂરતમાં ૨૦૬ આયતો અને ૨૪ રૂકૂઅ અને ૩૩૨૫ વાક્યો અને ૧૪૦૧૦ શબ્દો છે.

૧૨૪. એવા વિચારથી કે કદાચ લોકો નહિ માને અને એનાથી મોઢું ફેરવશે, અને એને જૂઠાડવા મંડી પડે.

૧૨૫. એટલે કે કુરઆન શરીફ, જેમાં હિદાયત અને નૂરનું બયાન છે. ઝુઝાજે કહ્યું છે કે; કુરઆનને અને જે જે વસ્તુ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ લાવ્યા છે તેને અનુસરો કારણ કે એ બધું જ અલ્લાહનું ઉતારેલું છે. જેમકે કુરઆન શરીફમાં કહેવાયું છે કે; "મા આતાકુમુર્રસુલૂ ફખુઝુહૂ" એટલે કે રસૂલ જે કંઈ તમારી પાસે લાવે તેને ગ્રહણ કરો, અને જેનાથી મનાઈ કરે તેનાથી દૂર રહો.

૧૨૬. હવે અલ્લાહના હુકમનો અનાદર કરવાના તેમજ તેનાથી મોઢું ફેરવવાના પરિણામ આગલી કોમોની હાલતમાં દર્શાવવામાં આવે છે.

૧૨૭. મતલબ એ છે કે અમારો અઝાબ એવા સમયે આવ્યો જ્યારે તેમને ખ્યાલ પણ ન હતો, તેઓ આરામની નિદ્રામાં પડેલા હતા. અથવા તે દિવસે ભરબપોરના આરામમાં રાહતનો શ્વાસ લઈ રહ્યા હતા. અઝાબ ઉતરવાની ન કોઈ નિશાની હતી ન કોઈ એંધાણ કે જેથી અગાઉથી ચેતી જાય, ઓચિંતો જ આવી ચઢયો. આથી કાફિરોને ચેતવણી અપાય છે કે તેઓ શાંતિ અને રાહતના સાધનોના કારણે ગર્વિત ન બને અલ્લાહનો અઝાબ આવે છે ત્યારે ઓચિંતો જ આવે છે.

૧૨૮. અઝાબ આવ્યો ત્યારે તેમણે પોતાના ગુનાહોનો એકરાર કર્યો પણ તે સમયનો એકરાર પણ ફાયદો દેતો નથી.

૧૨૯. કે તેમણે રસૂલોના નિમંત્રણનો શું જવાબ આપ્યો? અને તેમના આદેશોને કેવા અનુસર્યા?

૧૩૦. કે તેમણે પોતાની ઉમ્મતોને અમારા સંદેશા પહોંચાડયા? અને તે ઉમ્મતોએ શું જવાબ આપ્યો?

પહોંચ્યા (૮) અને જેમના પલડાં હલ્કાં થયાં,[૧૩૪] તો તેઓ જ છે જેમણે પોતાના પ્રાણ ખોટમાં નાખ્યા, બદલો તે જુલ્મનો જે તેઓ અમારી આયતો પર કરતા હતા[૧૩૫] (૯) અને બેશક! અમે તમને પૃથ્વીમાં સ્થાન આપ્યું, અમે તમારા માટે તેમાં જીવનની જરૂરિયાત બનાવી.[૧૩૬] (છતાં તમે) ઘણો જ ઓછો આભાર માનો છો[૧૩૭] (૧૦) અને બેશક! અમે તમને જન્માવ્યા, પછી તમારી મુખાકૃતિયો બનાવી, પછી અમે ફરિશ્તાઓને કહ્યું કે; "આદમને સિજદો કરો" તો બધાં સિજદામાં નમ્યા, પરંતુ ઈબ્લીસ એ સિજદાવાળાઓમાં ન થયો (૧૧) (અમે) ફરમાવ્યું; "કઈ વસ્તુએ તને રોક્યો કે તેં સિજદો ન કર્યો? જ્યારે કે મેં તને હુકમ આપ્યો હતો"[૧૩૮] બોલ્યો; "હું એનાથી ઉત્તમ છું. તેં મને આગથી બનાવ્યો અને એને માટીથી બનાવ્યો"[૧૩૯] (૧૨) (અમે) ફરમાવ્યું; "તું અહીંથી ઉતરી જા, તને અહીં રહીને ઘમંડ કરવાનો (હક) પહોંચતો નથી. નીકળ![૧૪૦] તું અપમાનિતોમાં છે[૧૪૧] (૧૩) બોલ્યો; "મને તે દિવસ સુધી મહેતલ આપ કે (જે દિવસે) લોકોને ઉઠાડવામાં આવે" (૧૪) (અમે) ફરમાવ્યું; "તને મહેતલ છે."[૧૪૨] (૧૫)

ولو انّنا — الاعراف

هُمُ الْمُفْلِحُونَ ﴿٨﴾ وَمَنْ خَفَّتْ مَوَازِينُهُ فَأُولَٰئِكَ
الَّذِينَ خَسِرُوا أَنفُسَهُم بِمَا كَانُوا بِآيَاتِنَا يَظْلِمُونَ ﴿٩﴾
وَلَقَدْ مَكَّنَّاكُمْ فِي الْأَرْضِ وَجَعَلْنَا لَكُمْ فِيهَا
مَعَايِشَ ۗ قَلِيلًا مَّا تَشْكُرُونَ ﴿١٠﴾ وَلَقَدْ خَلَقْنَاكُمْ
ثُمَّ صَوَّرْنَاكُمْ ثُمَّ قُلْنَا لِلْمَلَائِكَةِ اسْجُدُوا لِآدَمَ
فَسَجَدُوا إِلَّا إِبْلِيسَ لَمْ يَكُن مِّنَ السَّاجِدِينَ ﴿١١﴾
قَالَ مَا مَنَعَكَ أَلَّا تَسْجُدَ إِذْ أَمَرْتُكَ ۖ قَالَ أَنَا
خَيْرٌ مِّنْهُ خَلَقْتَنِي مِن نَّارٍ وَخَلَقْتَهُ مِن طِينٍ ﴿١٢﴾
قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا يَكُونُ لَكَ أَن تَتَكَبَّرَ فِيهَا
فَاخْرُجْ إِنَّكَ مِنَ الصَّاغِرِينَ ﴿١٣﴾ قَالَ أَنظِرْنِي
إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿١٤﴾ قَالَ إِنَّكَ مِنَ الْمُنظَرِينَ ﴿١٥﴾

૧૩૧. રસૂલોને પણ તેમની ઉમ્મતોને પણ કે તેમણે દુનિયામાં શું કર્યું?

૧૩૨. એ રીતે કે અલ્લાહ એક ત્રાજવું મૂકશે, જેનું દરેક પલડું પૂર્વ પશ્ચિમ વચ્ચેના અંતર જેટલું પહોળુ હશે.

ઈબ્ને જૌઝીએ કહ્યું છે કે; હદીષ શરીફમાં છે કે; હઝરત દાવૂદ અલયહિસ્સલામે ત્રાજવું જોવાની દુઆ કરી, જ્યારે તે દેખાડવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું; "યા અલ્લાહ! કોની મગદુર છે કે આને નેકીઓથી ભરી શકે?" જવાબ મળ્યો; "અય દાવૂદ! હું જ્યારે મારા બન્દાઓથી રાજી થાઉં છું, ત્યારે એક ખજૂરથી એને ભરી આપું છું." અર્થાત થોડી નેકી પણ જે સ્વીકારાઈ જાય તો અલ્લાહની કૃપાથી એટલી વધી જાય છે કે ત્રાજવાને ભરી દે.

૧૩૩. નેકીઓ વધી ગઈ.

૧૩૪. અને તેમાં કોઈ નેકી નથી. એ હાલત કાફિરોની છે જેઓ ઈમાનથી વંચિત છે, અને એ કારણે તેમનુ કોઈ કામ સ્વીકૃત નથી.

૧૩૫. તેમને ત્યજતા હતા, જૂઠાડતા હતા, તેમને અનુસરવાથી મોઢું મચકોડતા હતા.

૧૩૬. અને પોતાની કૃપાથી તમને રાહતો આપી.

૧૩૭. આભાર (શુક્ર)ની હકીકત એ છે કે નેઅમતને ધ્યાનમાં રાખે, અને તેને જાહેર કરે અને નાશુકરી એ છે કે તેને ભૂલી જાય અને છુપાવે.

૧૩૮. **મસઅલો** :- આથી સાબિત થાય છે કે (અલ્લાહનો) હુકમ (જે તે વસ્તુને) વાજિબ કરવા માટે

બોલ્યો "તો સોગંદ તેના કે તેં મને ભટકાવ્યો હું અવશ્ય તારા સીધા માર્ગ પર તેમની તાકમાં બેસીશ[143] જરૂર તેમની પાસે આવીશ,તેમની આગળ, પાછળ, જમણી અને ડાબી બાજુથી.[144] અને તુ તેમનામાંથી વધુને શુક્ર-ગુજાર નહિ પામે.[145] (૧૭) (ખુદાએ) ફરમાવ્યું; "અહીંથી નીકળી જા! ધુતકારેલ! બરતરફ થએલ! અવશ્ય જે તેમ-નામાંથી તારા કહેલા પર ચાલ્યો, (તો) હું તમારા બધાંથી જહન્નમ ભરી દઈશ[146] (૧૮) અને અય આદમ! તું અને તારૂં જોડું[147] જન્નતમાં રહો, તો એમાંથી જ્યાં ઈચ્છો ત્યાં ખાઓ, અને પેલા ઝાડ પાસે ન જશો, કે હદ ઓળંગ-નારાઓમાં થઈ જશો"(૧૯) પછી શયતાને તેમના જીવમાં વસવસો નાખ્યો, કે (જેથી) ખોલી નાખે તેમની શરમની વસ્તુઓ,[148] જે તેમનાથી છુપી હતી.[149] અને બોલ્યો; "તમને તમારા રબે આ ઝાડથી એટલા માટે મનાઈ કરી છે કે ક્યાંક તમે બન્ને ફરિશ્તા બની જાઓ, અથવા હમેશાં જીવનાર"[150] (૨૦) અને તેમની પાસે કસમ ખાધા કે



قَالَ فَبِمَآ أَغْوَيْتَنِي لَأَقْعُدَنَّ لَهُمْ صِرَاطَكَ
الْمُسْتَقِيمَ ﴿١٦﴾ ثُمَّ لَآتِيَنَّهُم مِّن بَيْنِ أَيْدِيهِمْ وَمِنْ
خَلْفِهِمْ وَعَنْ أَيْمَانِهِمْ وَعَن شَمَآئِلِهِمْ وَلَا تَجِدُ
أَكْثَرَهُمْ شَاكِرِينَ ﴿١٧﴾ قَالَ اخْرُجْ مِنْهَا مَذْءُومًا مَّدْحُورًا
لَّمَن تَبِعَكَ مِنْهُمْ لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنكُمْ أَجْمَعِينَ ﴿١٨﴾
وَيَا آدَمُ اسْكُنْ أَنتَ وَزَوْجُكَ الْجَنَّةَ فَكُلَا مِنْ
حَيْثُ شِئْتُمَا وَلَا تَقْرَبَا هَٰذِهِ الشَّجَرَةَ فَتَكُونَا مِنَ
الظَّالِمِينَ ﴿١٩﴾ فَوَسْوَسَ لَهُمَا الشَّيْطَانُ لِيُبْدِيَ
لَهُمَا مَا وُورِيَ عَنْهُمَا مِن سَوْآتِهِمَا وَقَالَ مَا نَهَاكُمَا
رَبُّكُمَا عَنْ هَٰذِهِ الشَّجَرَةِ إِلَّا أَن تَكُونَا مَلَكَيْنِ
أَوْ تَكُونَا مِنَ الْخَالِدِينَ ﴿٢٠﴾ وَقَاسَمَهُمَا إِنِّي لَكُمَا

હોય છે, અને સિજદો નહિ કરવાનું કારણ પૂછવું એ ધમકી માટે છે. અને એટલા માટે કે શયતાનની શત્રુતા, તેનું કુફ્ર અને ઘમંડ, તેમજ પોતાના ઉત્પત્તિ પદાર્થ પર હેંકડી કરવી, અને હઝરત આદમના ઉત્પત્તિ પદાર્થની ઠેકડી ઉડાડવી વિ. જાહેર થઈ જાય.

૧૩૯. એનાથી તેનો હેતુ એ જાહેર કરવાનો હતો તે આગ માટી કરતાં શ્રેષ્ઠ અને ચઢિયાતી છે, તો જે આગમાંથી ઉત્પન્ન થયું હોય તે માટીમાંથી જન્મેલા કરતાં શ્રેષ્ઠ કહેવાય. તે કમીનાનું એ મંતવ્ય ખોટું અને અસત્ય છે. કારણ કે શ્રેષ્ઠ તે છે જેને માલિક શ્રેષ્ઠતા આપે. શ્રેષ્ઠતાનો આધાર ઉત્પત્તિ પદાર્થ પર નથી, પણ માલિકને આજ્ઞાંકિત રહેવામાં અને તેની તાબેદારી પર છે. અને આગનું માટીથી શ્રેષ્ઠ હોવું પણ ખરૂં નથી. કારણ કે આગમાં ક્રોધ, તેજી અને મોટાઈ છે, એ (ટેવો) ગર્વિત બનવાના કારણરૂપ બને છે, અને માટીથી ઈલ્મનો પ્રભાવ, હયા અને સબ્ર હાંસલ થાય છે. મટોડી અમાનતદાર હોય છે, કે જે વસ્તુ તેમાં મૂકવામાં આવે તેને જાળવી રાખે છે, અને તેને વધારે છે. જ્યારે આગ તેનો નાશ કરે છે. છતાં મજાની વાત એ છે કે મટોડી આગને હોલવી નાખે છે, આગ મટોડીનો નાશ કરી શકતી નથી. અને એ સિવાય ઈબલીસની મૂર્ખતા અને બદબખ્તી એ કે તેણે નસ્સ (સ્પષ્ટ ખુદાઈ આદેશ) હોવા છતાં તેની વિરૂદ્ધ કિયાસ (અનુમાન) (બુદ્ધિથી કોઈ વાત સમજવી) કર્યો, અને કિયાસ નસ્સના વિરુદ્ધ હોય તો અવશ્ય મરદૂદ (અસ્વીકાર્ય) છે.

૧૪૦. જન્નતમાંથી. કારણ કે એ જગ્યા આજ્ઞાંકિત અને આજેઝી કરનારાઓ માટે છે. મુન્કિર અને માથુ ઊંચકનારાઓ માટે નથી.

૧૪૧. કે માનવી તારી બુરાઈ કરશે, અને દરેક જીભ તારા પર ફિટકાર વરસાવશે. અને ઘમંડીનું

"હું તમારા બન્નેનો હિતેચ્છુ છું" (૨૧) તો ઉતારી લાવ્યો તેમને દગાથી.[૧૫૧] પછી જ્યારે તેમણે પેલું ઝાડ ચાખ્યું તેમના પર તેમની શરમની વસ્તુઓ ઉઘડી ગઈ.[૧૫૨] અને પોતાના શરીર પર જન્નતના પાંદડા ચોંટાડવા માંડયાં, અને તેમને તેમના પરવરદીગારે કહ્યું; "શું મેં તમને આ ઝાડથી મનાઈ ન કરી? અને ન કહ્યું હતું કે શયતાન તમારો ઉઘાડો દુશ્મન છે. (૨૨) બન્નેએ વિનંતી કરી; "અય અમારા પરવરદીગાર! અમે અમારૂં જાતે જ બુરૂં કર્યું, તો જો તું અમને માફ નહિ કરે, અને અમારા પર દયા નહિ કરે, તો અમે જરૂર નુકશાનવાળાઓમાં થયાં (૨૩) ફરમાવ્યું; "ઉતરો![૧૫૩] તમારામાં એક બીજાનો દુશ્મન છે. અને તમારે પૃથ્વીમાં એક સમય સુધી રોકા-વાનું અને વાપરવાનું" (૨૪) ફરમાવ્યું; "તેમાં જ જીવશો, અને તેમાં જ મરશો અને તેમાંથી જ ઉઠાડવામાં આવશો"[૧૫૪] (૨૫) અય આદમના વંશજો! બેશક! અમે તમારી તરફ એક તે પોશાક ઉતાર્યો જે તમારી શર્મની વસ્તુઓ છુપાવે, અને એક તે કે તમારો શણગાર બને.[૧૫૫] ને પરહેઝગારીનો પોશાક તે બધાંથી ઉત્તમ.[૧૫૬] એ અલ્લાહની નિશાનીઓ-માંથી છે કે ક્યાંક તેઓ શિખામણ માને (૨૬)

ولو اننا ٨ — الاعراف ٧

لَمِنَ النّٰصِحِيْنَ ﴿٢١﴾ فَدَلّٰىهُمَا بِغُرُوْرٍ فَلَمَّا ذَاقَا
الشَّجَرَةَ بَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا وَطَفِقَا يَخْصِفٰنِ
عَلَيْهِمَا مِنْ وَّرَقِ الْجَنَّةِ وَنَادٰىهُمَا رَبُّهُمَآ اَلَمْ اَنْهَكُمَا
عَنْ تِلْكُمَا الشَّجَرَةِ وَاَقُلْ لَّكُمَآ اِنَّ الشَّيْطٰنَ
لَكُمَا عَدُوٌّ مُّبِيْنٌ ﴿٢٢﴾ قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا وَاِنْ
لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾
قَالَ اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ وَلَكُمْ فِي الْاَرْضِ
مُسْتَقَرٌّ وَّمَتَاعٌ اِلٰى حِيْنٍ ﴿٢٤﴾ قَالَ فِيْهَا تَحْيَوْنَ
وَفِيْهَا تَمُوْتُوْنَ وَمِنْهَا تُخْرَجُوْنَ ﴿٢٥﴾ يٰبَنِيْٓ اٰدَمَ قَدْ
اَنْزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا يُّوَارِيْ سَوْاٰتِكُمْ وَرِيْشًا وَلِبَاسُ
التَّقْوٰى ذٰلِكَ خَيْرٌ ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿٢٦﴾

પરિણામ એ જ છે.

૧૪૨. અને એ મહેતલની મુદ્દત સૂરએ હજરમાં વર્ણવામાં આવી છે, ઈન્નક મિનલ મુન્ઝરીન ઈલાયવમિલ વકતિલ મઅલૂમ (તને નક્કી થયેલા સમય સુધી મહેતલ છે) અને તે સમય પહેલું સૂર ફૂંકવાનો સમય છે. શયતાને મડદાઓ જીવતા થતાં સુધીની મહેતલ માંગી હતી, કે જેથી મૃત્યુની તકલીફથી બચી જાય, પણ તે સ્વીકાર્યું નહિ, અને પ્રથમ સૂર સુધીની મહેતલ આપવામાં આવી.

૧૪૩. કે આદમની ઔલાદના દિલોમાં વસવસા નાખું, અને તેમને અસત્ય તરફ નમાવું, ગુનાહોનો શોખ અપાવું, તારી ઈબાદત અને ફરમાંબરદારીથી રોકું, અને ગુમરાહીમાં નાખું.

૧૪૪. અર્થાત ચારે બાજુથી ઘેરીને તેમને સીધા માર્ગથી રોકીશ.

૧૪૫. શયતાન આદમના વંશજોને ગુમરાહ કરવામાં અને તેમને વાસનાઓ અને બુરાઈઓમાં ફસા-વવામાં પોતાના છેલ્લા દરજ્જાની કોશિશ કરવાનો મક્કમ નિર્ધાર કરી ચૂક્યો હતો, તેથી તેને ગુમાન હતું કે તે આદમની ઔલાદને બહેકાવી કાઢશે, અને તેમને ધોકો આપીને અલ્લાહની નેઅમતોનો આભાર માનવાથી અને તેની ફરમાંબરદારીથી રોકી લેશે.

૧૪૬. તને પણ, અને તારા લાવલશકરને પણ, અને તારૂં કહ્યું માનનાર માનવીઓને પણ, બધાંયને જહન્નમમાં દાખલ કરવામાં આવશે. શયતાનને જન્નતમાંથી કાઢી મૂક્યા પછી હઝરત આદમને સંબોધન કર્યું, જે આગળ આવે છે.

૧૪૭. એટલે કે હઝરત હવ્વા.

અય આદમના વંશજો[૧૫૭]! ખબરદાર! તમને શયતાન ફિતનામાં ન નાખે, જેવા કે તમારા માં-બાપને કઢાવ્યાં. જન્નતમાંથી. ઉતારી નખાવ્યાં તેમના પોશાક કે (જેથી) તેમની શરમની ચીજો તેમને દેખાય. બેશક! તે અને તેનો કુટુંબ કબીલો તમને ત્યાંથી જુએ છે કે તમે તેમને નથી દેખતા.[૧૫૮] બેશક! અમે શયતાનોને તેમના મિત્ર બનાવ્યા છે જેઓ ઈમાન લાવતા નથી (૨૭) અને જ્યારે કોઈ લાંછનરૂપ કાર્ય કરે[૧૫૯] ત્યારે કહે છે કે અમે અમારા બાપ-દાદાઓને એના પર (અમલ કરતાં) જોયા, અને અલ્લાહે અમને એનો હુકમ આપ્યો.[૧૬૦] તો (અય મહબૂબ! તમે) ફરમાવો; "બેશક! અલ્લાહ લાંછનરૂપ કાર્યનો હુકમ નથી આપતો" શું અલ્લાહ પર એવી વાત ઠોકી બેસાડો છો? જેની તમને ખબર નથી (૨૮) તમે ફરમાવો; "મારા પરવરદિગારે ઈન્સાફનો હુકમ આપ્યો છે" અને પોતાના મોઢાં સીધાં કરો દરેક નમાઝના સમયે, અને તેની ઈબાદત કરો માત્ર તેના બન્દા બનીને. જેવી રીતે તેણે તમારો આરંભ કર્યો, તેવી રીતે જ પરત થશો[૧૬૧] (૨૯) એક જુથને માર્ગ દેખાડયો,[૧૬૨] અને એક જુથની ગુમરાહી સાબિત થઈ.[૧૬૩] તેમણે અલ્લાહને છોડીને શયતાનોને વલી બનાવ્યા,[૧૬૪] અને સમજે એવું છે કે તેઓ (સત્ય) માર્ગ પર છે (૩૦)

ولو اننا ٨ الاعراف ٧

يٰبَنِيٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ
مِّنَ الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ۭ اِنَّهٗ
يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ۭ اِنَّا جَعَلْنَا
الشَّيٰطِيْنَ اَوْلِيَاۗءَ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿٢٧﴾ وَاِذَا
فَعَلُوْا فَاحِشَةً قَالُوْا وَجَدْنَا عَلَيْهَآ اٰبَاۗءَنَا وَاللّٰهُ
اَمَرَنَا بِهَا ۭ قُلْ اِنَّ اللّٰهَ لَا يَاْمُرُ بِالْفَحْشَاۗءِ ۭ اَتَقُوْلُوْنَ
عَلَي اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٢٨﴾ قُلْ اَمَرَ رَبِّيْ بِالْقِسْطِ ۣ
وَاَقِيْمُوْا وُجُوْهَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّادْعُوْهُ مُخْلِصِيْنَ
لَهُ الدِّيْنَ ڛ كَمَا بَدَاَكُمْ تَعُوْدُوْنَ ﴿٢٩﴾ فَرِيْقًا هَدٰى
وَفَرِيْقًا حَقَّ عَلَيْهِمُ الضَّلٰلَةُ ۭ اِنَّهُمُ اتَّخَذُوا الشَّيٰطِيْنَ
اَوْلِيَاۗءَ مِنْ دُوْنِ اللّٰهِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٠﴾

૧૪૮. અર્થાત એવો વસવસો નાખ્યો કે જેનું પરિણામ એ આવે કે તે બન્ને અંદરોઅંદર એકબીજાના સામે નગ્ન થઈ જાય. આ આયતથી એ મસ્અલો સાબિત થયો કે શરીરોના ભાગ જેને સતરે ઔરત કહે છે, તેને સંતાડવું જરૂરી અને ખોલવું મના છે. અને એ પણ સાબિત થયું કે એને ઉઘાડવું કાયમથી જ બુદ્ધિની દ્રષ્ટિએ ખરાબ અને પ્રકૃતિને બિન અનુરૂપ રહ્યું છે.

૧૪૯. આથી સાબિત થયું કે તે બન્નેએ ત્યાં સુધી એક બીજાની સતર જોઈ ન હતી.

૧૫૦. કે જન્નતમાં રહો, અને કદી મરી ન શકો.

૧૫૧. અર્થ એ છે કે શયતાન મરદુદે જૂઠી કસમ ખાઈને આદમ અલયહિસ્સલામને છેતર્યા. અને સર્વ પ્રથમ જૂઠી કસમ ખાનાર ઈબ્લીસ જ છે. હઝરત આદમ અલયહિસ્સલામ વિચારી પણ ન શકતા હતા કે કોઈ અલ્લાહનાં સોગંદ ખાઈને જૂઠું બોલી શકે છે. તેથી તેમણે તેની વાત પર વિશ્વાસ મૂક્યો.

૧૫૨. અને જન્નતી પોશાક શરીર પરથી અલગ થઈ ગયા, અને પરસ્પર પોતાનાં શરીર સંતાડી શક્યાં નહિ. તે સમય સુધી તેમાંથી કોઈએ જાતે પણ પોતાની સતર જોઈ ન હતી, ન તો એની જરૂર ઉભી થઈ હતી.

૧૫૩. અય આદમ અને હવ્વા! તમારા વંશ સહિત, જે તમારામાં છે.

૧૫૪. કયામતના દિવસે હિસાબ માટે.

૧૫૫. અર્થાત એક પોશાક તો તે છે જેનાંથી શરીર ઢાકવામાં આવે, અને આડ કરવામાં આવે, અને એક પોશાક તે છે જેનાથી શણગાર કરવામાં આવે, અને.એ પણ સારો હેતુ છે.

૧૫૬. પરહેઝગારીનો પોશાક ઈમાન, હયા, સારી આદતો, નેક કામો છે. એ બેશક! શણગારના કરતાં

અય આદમના વંશજો! પોતાનો શણગાર ધારણ કરો જ્યારે મસ્જિદમાં જાઓ.[૧૬૫] અને ખાઓ તથા પીઓ.[૧૬૬] અને હદથી ન વધો, બેશક! હદને ઓળંગનારાઓ તેને ગમતા નથી (૩૧) તમે ફરમાવો; "કોણે હરામ કર્યો અલ્લાહનો (સર્જેલો) તે શણગાર? જે તેણે પોતાના બન્દાઓ માટે કાઢયો[૧૬૭] અને પાક રોજી?"[૧૬૮] તમે ફરમાવો કે; "તે ઈમાનવાળાઓ માટે છે, દુનિયામાં અને કયામતમાં તે ખાસ તેમનું જ છે" અમે આવી જ રીતે વિગતવાર આયતો વર્ણવીએ છીએ[૧૬૯] ઈલ્મ વાળાઓ માટે[૧૭૦] (૩૨) તમે ફરમાવો, "મારા પરવરદીગારે નિર્લજ્જતા હરામ કરી છે,[૧૭૧] જે એમનામાં ખુલ્લી છે (તે) અને જે છુપી છે (તે પણ) અને ગુનાહ તેમજ નાહક અત્યાચાર, (હરામ કર્યા છે.) અને એ[૧૭૨] કે અલ્લાહનો ભાગીદાર બનાવો, જેનો આધાર તેણે ઉતાર્યો નથી. અને એ[૧૭૩] કે અલ્લાહ પર એવી વાત કહો જેનો (તમે) ઈલ્મ ધરાવતા નથી" (૩૩) અને દરેક જુથનો એક વાયદો છે,[૧૭૪] તો જ્યારે તેમનો વાયદો આવશે ત્યારે એક પળ ન તો આગળ થાય ન તો પાછળ (૩૪)

وَلَوْ اَنَّنَا ٨ — الاعراف ٧

يٰبَنِيْٓ اٰدَمَ خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ وَّكُلُوْا
وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا ۚ اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْرِفِيْنَ ﴿٣١﴾
قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِيْٓ اَخْرَجَ لِعِبَادِهٖ
وَالطَّيِّبٰتِ مِنَ الرِّزْقِ ۗ قُلْ هِيَ لِلَّذِيْنَ اٰمَنُوْا فِي
الْحَيٰوةِ الدُّنْيَا خَالِصَةً يَّوْمَ الْقِيٰمَةِ ۗ كَذٰلِكَ
نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٣٢﴾ قُلْ اِنَّمَا حَرَّمَ
رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَالْاِثْمَ
وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ وَاَنْ تُشْرِكُوْا بِاللّٰهِ مَا لَمْ
يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا وَّاَنْ تَقُوْلُوْا عَلَى اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ ﴿٣٣﴾ وَلِكُلِّ اُمَّةٍ اَجَلٌ ۚ فَاِذَا جَآءَ
اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ﴿٣٤﴾

શ્રેષ્ઠ અને ઉત્તમ છે.

૧૫૭. શયતાનની ચાલબાજી અને હઝરત આદમ સાથે તેની અદાવતનું વર્ણન કરીને આદમની ઔલાદને ચેતવવામાં આવે છે કે તેઓ શયતાનના વસવસા અને ભટકાવવાના પ્રયત્નો અને તેના આડંબરથી બચતા રહે. જે હઝરત આદમ અલયહિસ્સલામ સાથે આવો દગો કરી ચૂક્યો છે તે તેમની ઔલાદને ક્યાં છોડવાનો છે?

૧૫૮. અલ્લાહ તઆલાએ જિન્નાતને એવી શક્તિ આપી છે કે તેઓ માનવીને જુએ છે. અને માનવીઓને એવી શક્તિ નથી મળી કે તેઓ જિન્નાતને દેખી શકે. હદીષ શરીફમાં છે કે શયતાન માણસના શરીરમાં લોહીના માર્ગોમાં વહી જાય છે. હઝરત ઝુન્નુન રદીયલ્લાહુ તઆલા અન્હૂએ કહ્યું છે કે; જો શયતાન એવો છે કે તે તમને દેખી શકે છે અને તમે તેને નથી જોઈ શકતા, તો તમે એવાની મદદ માંગો કે જે તેને દેખી શકે અને તે તેને દેખી શકે નહીં, અર્થાત અલ્લાહ કરીમ સત્તાર રહીમ ગફ્ફારની મદદ માંગો.

૧૫૯. અને કોઈ ખરાબ કૃત્ય અથવા ગુનોહ તેમનાથી થઈ જાય. જેમ કે અજ્ઞાનયુગના લોકો, પુરૂષો અને સ્ત્રીઓ નગ્ન થઈને કા'બા શરીફના તવાફ કરતા હતા.

અતાનું કથન છે કે "ફાહિશહ" (બેહયાઈ લાંછનરૂપ કાર્ય) એટલે શિર્ક અને હકીકત એ છે કે દરેક ખરાબ કૃત્યો અને બધાં ગુનાહોનો એમાં સમાવેશ થાય છે. ભલે પછી આ આયત ખાસ નગ્ન બનીને કા'બાનો તવાફ કરવા બાબત આવી હોય. જ્યારે કાફિરોના આવા નિર્લજ્જ કામો માટે તેમને વખોડવામાં આવ્યા, ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે આગળ આવે છે.

૧૬૦. કાફિરોએ પોતાના ખરાબ કામોનાં બે કારણો દર્શાવ્યાં. એક તો એ કે તેમણે તેમના બાપ દાદાઓને આવું જ કરતાં જોયા, જેથી તેમના અનુસરણમાં તેઓ પણ કરે છે. આ તો અજ્ઞાનતા તેમજ નિર્લજ્જતાનું અનુકરણ થયું. અને એ કોઈ પણ બુદ્ધિમાનની દ્રષ્ટિએ યોગ્ય નથી. અનુકરણ કરવામાં આવે છે જ્ઞાની અને પરહેઝગારનુ, નહિ કે અજ્ઞાન ગુમરાહનું. બીજુ બહાનું તેમનું એ હતું કે અલ્લાહે તેમને એવો હુકમ આપ્યો છે. એ માત્ર જૂઠ અને આક્ષેપ હતો. જેમકે અલ્લાહ તઆલા રદીયો આપતાં કહે છે;

૧૬૧. એટલે કે જે રીતે તમારૂં શૂન્યમાંથી સર્જન કર્યું, તે જ રીતે મૃત્યુ પછી જીવંત કરશે. આ વાત આખેરતની જિંદગીનો નકાર કરનારાઓ સામે દલીલ છે. અને એનાથી એ પણ સમજાય છે કે જ્યારે તેની જ તરફ પરત જવાનું છે, અને તે આમાલનો બદલો આપશે, તો પછી ઈબાદતો નિખાલસ રીતે તેના માટે કરવી જરૂરી છે.

૧૬૨. ઈમાન અને મઅરેફતનો, અને તેમને હુકમ પાલન તેમજ ઈબાદતની તૌફીક આપી.

૧૬૩. તે કાફિરો છે.

૧૬૪. તેમના હુકમનું પાલન કર્યું, તેમના કહ્યા મુજબ ચાલ્યા, તેમના હુકમથી કુફ્ર અને ગુનાહ કર્યા.

૧૬૫. અર્થાત શણગારનો પોશાક. અને એક કથન એવું છે કે શણગારમાં (વાળોમાં)કાંસકી ફેરવવી અને ખુશ્બુ લગાડવી સામેલ છે.

**મસઅલો :-** સુન્નત એ છે કે માણસ ઠીકઠાક રીતે નમાઝ માટે હાજર થાય, કારણ કે નમાઝમાં અલ્લાહ સામે વિનંતી કરવાની છે, તો એના માટે શણગાર કરવો, અત્તર લગાડવું મુસ્તહબ છે, જેવી રીતે કે પાક થવું વાજિબ છે.

**શાને નુઝૂલ :-** મુસ્લિમ શરીફની હદીષમાં છે કે અજ્ઞાનયુગમાં પુરૂષો દિવસે અને સ્ત્રીઓ રાત્રે નગ્ન અવસ્થામાં તવાફ કરતા હતા. આ આયતમાં સતર સંતાડવાનો અને વસ્ત્રો પહેરવાનો હુકમ આપવામાં આવ્યો. અને એમાં દલીલ છે કે સતર છુપાવવી નમાઝમાં, તવાફમાં અને દરેક સમયે વાજિબ છે.

૧૬૬. **શાને નુઝૂલ :-** કલબીનું કથન છે કે બનૂ અમિર (ના લોકો) હજના સમયે પોતાનો ખોરાક ખૂબ ઓછો કરી નાખતા હતા, અને માંસ તેમજ ચીકણી ચીજો તો તદ્દન ખાતા જ ન હતા. અને એને હજની તાઝીમ જાણતા હતા, તેમને દેખીને મુસલમાનોએ કહ્યું; ''યા રસૂલલ્લાહ! આવું કરવાનું અધિકાર અમ્મને વધારે છે.'' ત્યારે આ (હુકમ) ઉતર્યો કે ખાઓ અને પીઓ, માંસ હોય કે ચીકણી વસ્તુઓ હોય, અને વ્યય ન કરો. તે એ કે ધરાઈ ગયા પછી પણ ખાતા રહો, અથવા હરામની પરવાહ ન કરો. અને એ પણ વ્યય (નકામા ઉપયોગનો એક પ્રકાર) છે કે જે વસ્તુ અલ્લાહે હરામ નથી કરી તેને હરામ ઠેરવી લો. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હૂમાએ ફરમાવ્યું; જે ઈચ્છે તે ખા, જે ઈચ્છે તે પહેર, પણ વ્યય અને ઘમંડથી બચતો રહે.

**મસઅલો :-** આયતમાં દલીલ છે કે ખાવા પીવાની બધી વસ્તુઓ હલાલ છે, સિવાય તે વસ્તુઓ જેના હરામ હોવા બાબત શરીઅતમાં દલીલ હોય. કારણ કે એ નિયમ નક્કી અને માન્ય છે કે બધી વસ્તુઓ મૂળભૂત રીતે મુબાહ છે, સિવાય કે જેના માટે શરીઅતે મનાઈ ફરમાવી હોય. અને જેનું હરામ હોવું સ્વયં દલીલથી સાબિત હોય.

૧૬૭. પોશાક હોય કે પછી શણગારનો બીજો સામાન.

૧૬૮. અને ખાવા પીવાની સ્વાદિષ્ટ વસ્તુઓ.

الاعراف ٧ — ولواننا ٨

يٰبَنِيْٓ اٰدَمَ اِمَّا يَاْتِيَنَّكُمْ رُسُلٌ مِّنْكُمْ يَقُصُّوْنَ
عَلَيْكُمْ اٰيٰتِيْ فَمَنِ اتَّقٰى وَاَصْلَحَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ
وَلَا هُمْ يَحْزَنُوْنَ ۝ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَ
اسْتَكْبَرُوْا عَنْهَآ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ هُمْ فِيْهَا
خٰلِدُوْنَ ۝ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ
كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ اُولٰٓئِكَ يَنَالُهُمْ نَصِيْبُهُمْ مِّنَ
الْكِتٰبِ حَتّٰٓى اِذَا جَآءَتْهُمْ رُسُلُنَا يَتَوَفَّوْنَهُمْ قَالُوْٓا
اَيْنَ مَا كُنْتُمْ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ قَالُوْا ضَلُّوْا
عَنَّا وَشَهِدُوْا عَلٰٓى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا كٰفِرِيْنَ ۝ قَالَ
ادْخُلُوْا فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِكُمْ مِّنَ الْجِنِّ
وَالْاِنْسِ فِي النَّارِ كُلَّمَا دَخَلَتْ اُمَّةٌ لَّعَنَتْ اُخْتَهَا

અય આદમના વંશજો! જો તમારી પાસે તમારામાંના રસૂલ આવે,[૧૭૫] મારી આયતો પઢતા, તો જે (તેમના પર ઈમાન લાવીને) પરહેઝગારી કરે[૧૭૬] અને સુધરે,[૧૭૭] તો તેના પર ન કંઈ બ્હીક ન કંઈ ચિંતા (૩૫) અને જેમણે અમારી આયતો જૂઠાડી, અને તેની સામે ઘમંડ કર્યું, તેઓ દોઝખી છે, તેમને તેમાં હમેશાં રહેવાનું (૩૬) તો તેનાથી વધીને જાલિમ કોણ? જેણે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડયું, અથવા તેની આયતો જૂઠાડી, તેમને તેમના નસીબનું લખેલું પહોંચશે.[૧૭૮] એટલે સુધી કે જ્યારે તેમની પાસે અમારા મોકલેલા[૧૭૯] તેમનો જીવ કાઢવા આવે ત્યારે તેમને પૂછે છે; "ક્યાં છે તેઓ જેમને તમે અલ્લાહ સિવાય પૂજતા હતા?" (જવાબમાં તેઓ) કહે છે; "તેઓ અમારા પાસેથી છૂ થઈ ગયા"[૧૮૦] અને પોતાની જાત પર પોતે જ સાક્ષી આપે છે. કારણ કે તેઓ કાફિર હતા (૩૭) અલ્લાહ તેમને[૧૮૧] ફરમાવે છે; "તમારા પહેલાં જે બીજાં જુથો જિન્નાત અને માનવીઓનાં આગમાં ગયાં, (તમે પણ) તેમનામાં જાઓ" જ્યારે એક જુથ[૧૮૨] દાખલ

મસઅલો :- આયત પોતાના સામાન્ય હુકમ પર છે. દરેક ખાવાની વસ્તુ એમાં સામેલ છે. જેના હરામ હોવા બાબત સ્પષ્ટ હુકમ આવ્યો ન હોય. (ખાઝિન) માટે જે લોકો, તોશો, અગ્યારમી, મીલાદ શરીફ, બુઝુર્ગોના ફાતેહા, ઉર્સ, મોહરમની મજલિસો વિગેરેમાં વહેંચવામાં આવતી ચીજો (શીરની ન્યાઝ) અને સબીલના શરબત વિગેરેની મનાઈ કરે છે, તેઓ આ આયતનો વિરોધ કરીને ગુનેહગાર બને છે. અને એ વસ્તુઓને મના કહેવી પોતાના અભિપ્રાયને દીનમાં દાખલ કરવું છે, અને એ જ બિદઅત અને ઝલાલત છે.

૧૬૯. જેનાથી હલાલ અને હરામના હુકમની જાણ થાય.

૧૭૦. જેઓ એ જાણે છે કે અલ્લાહ એક, ભાગીદાર વગરનો છે. તે જે હરામ કરે તે જ હરામ છે.

૧૭૧. આ સંબોધન મુશ્રિકોને છે જેઓ નગ્ન થઈને કા'બાનો તવાફ કરતા હતા, અને અલ્લાહની હલાલ કરેલી પાક વસ્તુઓને હરામ ઠેરવતા હતા. તેમને કહેવામાં આવે છે કે તેણે આ વસ્તુઓ હરામ નથી કરી, અને એનાથી પોતાના બન્દાઓને નથી રોક્યા. જે વસ્તુઓને તેણે હરામ કરી છે તે આ છે જેને અલ્લાહ તઆલા બયાન કરે છે. તેમાંથી બેહયાઈઓ (પણ) છે. જે ખુલ્લી હોય કે છુપી હોય યા કાર્યરૂપે હોય.

૧૭૨. હરામ કર્યું.

૧૭૩. હરામ કર્યું.

૧૭૪. નક્કી સમય જેના પર મહેતલ પુરી થઈ જાય છે.

૧૭૫. તફસીરકારોના આમાં બે [illegible]નો છે; એક તો એ કે "રૂસુલ"માં તમામ નબીઓ આવી જાય છે. બીજુ એ કે એ ઉલ્લેખ ખાસ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે છે, જેઓ સમગ્ર મખ્લૂક માટે રસૂલ

الاعراف ٧ — ولو اننا ٨

حتى اذا اداركوا فيها جميعا قالت اخرىهم لاولىهم
ربنا هؤلاء اضلونا فاتهم عذابا ضعفا من النار
قال لكل ضعف ولكن لا تعلمون (٣٨) وقالت
اولىهم لاخرىهم فما كان لكم علينا من فضل
فذوقوا العذاب بما كنتم تكسبون (٣٩) ان الذين
كذبوا باياتنا واستكبروا عنها لا تفتح لهم ابواب
السماء ولا يدخلون الجنة حتى يلج الجمل في سم
الخياط وكذلك نجزي المجرمين (٤٠) لهم من جهنم
مهاد ومن فوقهم غواش وكذلك نجزي الظلمين (٤١)
والذين امنوا وعملوا الصلحت لا نكلف نفسا
الا وسعها اولئك اصحب الجنة هم فيها خلدون (٤٢)

થાય છે (ત્યારે તે) બીજા પર ફિટકાર વરસાવે છે.[૧૮૩] એટલે સુધી કે જ્યારે બધાં જ તેમાં જઈ પડયા, ત્યારે પાછલાઓ આગલાઓ માટે કહેશે;[૧૮૪] "અય અમારા પરવરદીગાર! એઓએ જ અમને ભટકાવ્યા હતા, તો એમને આગનો ડબલ અઝાબ આપ" (અલ્લાહ) ફરમાવશે; "બધાનેજ ડબલ છે,[૧૮૫] પણ તમને ખબર નથી"[૧૮૬] (૩૮) અને આગલા પાછલાઓને કહેશે; 'તો તમે કંઈ અમારાથી સારા રહ્યા નથી.[૧૮૭] તો ચાખો અઝાબ, પોતાના કર્મોનો બદલો'[૧૮૮] (૩૯) તેઓ જેમણે અમારી આયતો જૂઠાડી, અને તેની સામે ઘમંડ કર્યું, તેમના માટે આકાશના દરવાજા ઉઘાડવામાં નહિ આવે,[૧૮૯] અને ન તેઓ જન્નતમાં પ્રવેશે, જ્યાં સુધી સોઈના નાકામાં ઊંટ ન પેસી જાય.[૧૯૦] અને ગુનેહગારોને અમે એવો જ બદલો આપીએ છીએ[૧૯૧] (૪૦) તેમના માટે આગ જ પથારી, અને આગ જ ઓઢવાનું.[૧૯૨] અને જુલ્મીઓને અમે એવો જ બદલો આપીએ છીએ (૪૧) અને તેઓ જે ઈમાન લાવ્યા અને શક્તિ અનુસાર સારાં કર્મો કર્યાં. અમે કોઈના પર શક્તિ ઉપરાંતનું વજન નથી લાદતા. તેઓ જન્નતવાળા છે, તેમને એમાં હમેશાં રહેવાનું (૪૨)

બનાવવામાં આવ્યા છે. અને (આયતમાં) બહુવચનનો શબ્દ આદર માટે છે.

૧૭૬. મના કરેલી બાબતોથી બચે.

૧૭૭. આજ્ઞાંકિત બને ઈબાદત બજાવી લાવે.

૧૭૮. અર્થાત જેટલી ઉમર અને રોજી અલ્લાહે તેમના માટે લખી દીધી છે તે તેમને મળશે.

૧૭૯. મલકુલ મૌત અને તેમના મદદગારો. તે લોકોની ઉંમરો અને રોજી પુરી થયા પછી.

૧૮૦. તેમનું ક્યાંયે નામ નિશાન નથી.

૧૮૧. એ કાફિરોને, કયામતના દિવસે.

૧૮૨. દોઝખમાં.

૧૮૩. જે તેના ધર્મ પર હતું, તો મુશ્રિક મુશ્રિકો પર ફિટકાર વરસાવશે, યહૂદી યહૂદીઓ પર, અને ખ્રિસ્તી ખ્રિસ્તીઓ પર.

૧૮૪. અર્થાત આગલાઓ બાબત અલ્લાહને કહેશે.

૧૮૫. કારણ કે આગલા પોતે પણ ભટક્યા, અને તેમણે બીજાઓને પણ ભટકાવ્યા. ને પાછલાઓ પણ એવા જ છે, કારણ કે પોતે ભટક્યા, અને ભટકેલાઓનું જ અનુસરણ પણ કરતા રહયા.

૧૮૬. કે તમારામાંથી દરેક જુથને કેવો અઝાબ છે.

૧૮૭. કુફ્ર અને ગુમરાહીમાં સરખા છે.

૧૮૮. કુફ્ર અને કુકર્મોનો.

અને અમે એમના સીનાઓમાંથી કીનો ખેંચી લીધો.[૧૯૩] તેમની નીચે નહેરો વહેશે, અને કહેશે;[૧૯૪] "બધી ખૂબીઓ અલ્લાહને, જેણે અમને આનો માર્ગ દેખાડયો,[૧૯૫] અને અમે રસ્તો ન પામત જો અલ્લાહ અમને રસ્તો ન દેખાડત. બેશક! અમારા પરવરદીગારના રસૂલો સત્ય લાવ્યા"[૧૯૬] અને જાહેરાત થઈ કે આ જન્નત તમને વારસામાં મળી,[૧૯૭] તમારા કર્મોનો બદલો (૪૩) અને જન્નતવાળાઓએ દોઝખવાળાઓને પોકાર કર્યો; "અમને તો જે સાચો વાયદો અમારી સાથે અમારા પરવરદીગારે કર્યો હતો[૧૯૮] તે મળી ગયો. તો શું તમે પણ મેળવ્યું જે તમારા પરવરદીગારે[૧૯૯] સાચુ વચન તમને આપ્યું હતું?" બોલ્યા; "હા" અને વચમાં એલાન કરનારે પોકાર્યું કે; "અલ્લાહની લઅ્નત જાલિમો ઉપર" (૪૪) જેઓ અલ્લાહના માર્ગથી રોકે છે,[૨૦૦] અને તેનો વંકાશ ઈચ્છે છે,[૨૦૧] અને આખેરતને અમાન્ય રાખે છે (૪૫) અને જન્નત તથા દોઝખની વચમાં એક પર્દો છે.[૨૦૨] અને એઅ્રાફ પર અમુક પુરૂષો હશે,[૨૦૩]



وَنَزَعْنَا مَا فِي صُدُورِهِم مِّنْ غِلٍّ تَجْرِي مِن تَحْتِهِمُ
الْأَنْهَارُ ۖ وَقَالُوا الْحَمْدُ لِلَّهِ الَّذِي هَدَانَا لِهَٰذَا
وَمَا كُنَّا لِنَهْتَدِيَ لَوْلَا أَنْ هَدَانَا اللَّهُ ۖ لَقَدْ
جَاءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ۖ وَنُودُوا أَن تِلْكُمُ
الْجَنَّةُ أُورِثْتُمُوهَا بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿٤٣﴾ وَنَادَىٰ
أَصْحَابُ الْجَنَّةِ أَصْحَابَ النَّارِ أَن قَدْ وَجَدْنَا مَا
وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلْ وَجَدتُّم مَّا وَعَدَ رَبُّكُمْ
حَقًّا ۖ قَالُوا نَعَمْ ۚ فَأَذَّنَ مُؤَذِّنٌ بَيْنَهُمْ أَن لَّعْنَةُ
اللَّهِ عَلَى الظَّالِمِينَ ﴿٤٤﴾ الَّذِينَ يَصُدُّونَ عَن
سَبِيلِ اللَّهِ وَيَبْغُونَهَا عِوَجًا وَهُم بِالْآخِرَةِ
كَافِرُونَ ﴿٤٥﴾ وَبَيْنَهُمَا حِجَابٌ ۚ وَعَلَى الْأَعْرَافِ رِجَالٌ

النصف منزل ٢ وقف لازم

૧૮૯. તેમના આમાલ માટે પણ નહિ. અને તેમની રૂહો માટે પણ નહિ. કારણ કે તેમના આમાલ અને અરવાહ બન્ને ઘૃણાપાત્ર છે.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે; કાફિરોની અરવાહ માટે આકાશોના દરવાજા ઉઘાડવામાં આવતા નથી. અને મોમિનોની અરવાહ માટે ઉઘાડવામાં આવે છે.

ઈબ્ને જુરેજે કહ્યું છે કે; આકાશોના દરવાજા ન તો કાફિરો માટે ખોલાય છે ન તેમની રૂહો માટે. અર્થાત જિન્દગીમાં તેમના અમલો પણ આસ્માનમાં જઈ શકતા નથી. ન તો મૃત્યુ પછી તેમની રૂહો ત્યાં દાખલ થઈ શકે છે. આ આયતની તફસીરમાં એક કથન એવું પણ છે કે; આકાશના દરવાજા નહિ ખોલવાથી મતલબ એ છે કે તેઓ ખૈર બરકત અને રહમતના ઉતરાણથી વંચિત રહે છે.

૧૯૦. અને એ અશક્ય. તો કાફિરોનું જન્નતમાં જવું પણ અશક્ય, કારણ કે જે અશક્ય પર આધારિત હોય તે અશક્ય હોય છે. આથી સાબિત થયું કે કાફિરોનું જન્નતથી વંચિત રહેવું નક્કી છે.

૧૯૧. મુજરિમીન (ગુનેહગાર) નો અર્થ અહીં કાફિરો થાય છે. કારણ કે ઉપરની આયતમાં તેમની આદતો પૈકીમાં ખુદાઈ આયતોને જૂઠાડવું અને ઘમંડ કરવો વિ. નું વર્ણન થઈ ચૂક્યું છે.

૧૯૨. અર્થાત ઉપર નીચે દરેક બાજુથી આગે તેમને ઘેરેલા છે.

૧૯૩. જે દુનિયામાં તેમની વચમાં હતા અને સ્વભાવ સ્વચ્છ કરી દેવાયા. અને તેમની અંદર પ્રેમ અને સદ્ભાવ સિવાય બીજું કશું બાકી રહ્યું નહિ.

હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે; આ અમે બદ્રની લડાઈમાં ભાગ લેનારાઓ વિષે ઉતર્યું.

ولو أننا ٨ الأعراف ٧

يعرفون كلا بسيماهم ونادوا أصحاب الجنة
أن سلام عليكم لم يدخلوها وهم يطمعون ﴿٤٦﴾
وإذا صرفت أبصارهم تلقاء أصحاب النار قالوا
ربنا لا تجعلنا مع القوم الظالمين ﴿٤٧﴾ ونادى
أصحاب الأعراف رجالا يعرفونهم بسيماهم قالوا
ما أغنى عنكم جمعكم وما كنتم تستكبرون ﴿٤٨﴾
أهؤلاء الذين أقسمتم لا ينالهم الله برحمة
ادخلوا الجنة لا خوف عليكم ولا أنتم تحزنون ﴿٤٩﴾
ونادى أصحاب النار أصحاب الجنة أن أفيضوا
علينا من الماء أو مما رزقكم الله قالوا
إن الله حرمهما على الكافرين ﴿٥٠﴾ الذين

કે (જેઓ) બન્ને પક્ષોને તેમની પેશાનીઓથી ઓળખશે.[૨૦૪] અને તેઓ જન્નતીઓને પોકારીને કહેશે; "તમારા પર સલામ" તેઓ[૨૦૫] જન્નતમાં નથી ગયા અને તેની અભિલાષા ધરાવે છે (૪૬) અને જ્યારે તેમની[૨૦૬] આંખો દોઝખીઓ તરફ ફરશે (ત્યારે) કહેશે; "અય અમારા પરવરદીગાર! અમને જુલ્મીઓ સાથે ન કરીશ" (૪૭) અને અઅરાફવાળા અમુક પુરૂષોને[૨૦૭] પોકારશે, જેમને (તેઓ) તેમની પેશાનીથી ઓળખે છે. કહેશે; "તમને તમારૂં જુથ શું કામ આવ્યું? અને તે જે તમે ઘમંડ કરતા હતા?[૨૦૮] (૪૮) શું આ છે તે લોકો?[૨૦૯] જેમની બાબત તમે સોગંધ ખાઈને કહેતા હતા કે એમના પર અલ્લાહ પોતાની રહમત કંઈ જ કરશે નહિ.[૨૧૦] એમને તો કહેવામાં આવ્યું કે; "જન્નતમાં જાઓ ન તમને કંઈ ચિંતા ન કંઈ દુ:ખ" (૪૯) અને દોઝખી જન્નતીઓને પોકારશે કે; "અમને તમારા પાણીનો કંઈ ફાયદો આપો અથવા તે ખાવાનો જે અલ્લાહે તમને આપ્યું"[૨૧૧] (જન્નતી લોકો) કહેશે; "બેશક! એ બન્ને (વસ્તુઓ) અલ્લાહે કાફિરો પર હરામ કરી છે" (૫૦) જેમણે પોતાના ધર્મને ખેલ તમાશો

અને આ કથન પણ આપનું છે કે; મને આશા છે કે હું અને ઉષ્માન અને તલ્હા તથા ઝુબેર એમાંથી હોઈશું જેમના વિષે અલ્લાહે વનઝઅના..... (અને એમના સીનાઓમાંથી કીનો ખેંચી લીધો) ફરમાવ્યું. હઝરત અલીના આ કથને રાફઝી ફિર્કાનું મૂળ ઉખેડી નાખ્યું, અને તેમના કિલ્લાને જમીન દોસ્ત કરી નાખ્યો.

૧૯૪. મો'મિનો જન્નતમાં જતી વેળા.

૧૯૫. અને અમને એવાં કામો કરવા પ્રેર્યા જેનો સવાબ આ છે. અને અમારા પર કૃપા અને પોતાની દયાદ્રષ્ટિથી દોઝખની સજાથી બચાવ્યા.

૧૯૬. અને જે તેમણે અમને દુનિયામાં સવાબની ખબરો કહી તે બધી અમે સ્પષ્ટ દેખી લીધી તેમનું માર્ગ દર્શન અમારા માટે અતિ મહેરબાની અને કૃપા હતી.

૧૯૭. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે જ્યારે જન્નતી લોકો જન્નતમાં દાખલ થશે ત્યારે એક પોકારનાર એલાન કરશે કે; તમારા માટે જીવન છે, કદી મરશો નહિ. તમારા માટે તંદુરસ્તી છે, કદી બીમાર થશો નહિ. તમારા માટે એશઆરામ છે કદી તંગી જોશો નહિ. અને જન્નતને વારસો એટલા માટે કહેવામાં આવ્યું કે, એ માત્ર અલ્લાહની કૃપાથી મળી છે.

૧૯૮. અને રસૂલોએ કહ્યું હતું કે ઈમાન અને આજ્ઞાપાલનથી સવાબ અને બદલો પામશો.

૧૯૯. કુફ્ર અને આજ્ઞા ઉલ્લંઘનથી અઝાબનું.

૨૦૦. અને લોકોને ઈસ્લામ અંગીકાર કરવાની મનાઈ કરે છે.

૨૦૧. અર્થાત એવું ઈચ્છે છે કે અલ્લાહના દીનને બદલી નાખે. અને જે બધારણ અલ્લાહે પોતાના

બનાવી લીધો,[૨૧૨] અને દુનિયાના જીવને તેમને છેતર્યા.[૨૧૩] તો આજે અમે તેમને અલગ પાડી દઈશું જેમકે તેમણે આ દિવસની મુલાકાતનો ખ્યાલ (પોતાના દિમાગોમાંથી) અલગ પાડી દીધો હતો, અને જેમ કે અમારી આયતોનો નકાર કરતા હતા (૫૧) અને બેશક! અમે તેમની પાસે લાવ્યા એક કિતાબ.[૨૧૪] જેને અમે એક મહાન ઈલ્મથી વિગતવાર કરી. હિદાયત અને રહમત ઈમાનવાળાઓ માટે (૫૨) શેની રાહ જુએ છે? પણ એની જ કે એ કિતાબોનો લખેલો અંજામ સામે આવે. જે દિવસે એનો ચિંધેલો અંજામ સામે આવશે,[૨૧૫] (ત્યારે) જેઓ તેને પહેલાં ભૂલી બેઠા હતા[૨૧૬] તેઓ બોલી ઉઠશે કે, ''બેશક! અમારા પરવરદિગારના રસૂલ સત્ય લાવ્યા હતા. તો છે કોઈ અમારી ભલામણ કરનાર? જે અમારી શફાઅત કરે. અથવા અમને પરત મોકલવામાં આવે કે (જેથી) પહેલાં (કરેલાં) કામોથી વિરુદ્ધ કામો કરીએ''[૨૧૭] બેશક! તેમણે પોતાના પ્રાણ નુકશાનમાં નાખ્યા. અને ખોવાયા તે ઠોકી બેસાડેલા જૂઠાણાઓ તેમની પાસેથી[૨૧૮] (૫૩) બેશક! તમારો પાલનહાર અલ્લાહ છે, જેણે આકાશ અને ધરતી[૨૧૯] છ દિવસોમાં બનાવ્યાં.[૨૨૦] પછી તેની શાનને



اتَّخَذُوا دِينَهُمْ لَهْوًا وَّلَعِبًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ
الدُّنْيَا فَالْيَوْمَ نَنْسٰىهُمْ كَمَا نَسُوا لِقَآءَ يَوْمِهِمْ
هٰذَا وَمَا كَانُوا بِاٰيٰتِنَا يَجْحَدُونَ ﴿٥١﴾ وَلَقَدْ جِئْنٰهُمْ
بِكِتٰبٍ فَصَّلْنٰهُ عَلٰى عِلْمٍ هُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ
يُّؤْمِنُونَ ﴿٥٢﴾ هَلْ يَنْظُرُونَ اِلَّا تَاْوِيْلَهٗ يَوْمَ يَاْتِيْ
تَاْوِيْلُهٗ يَقُوْلُ الَّذِيْنَ نَسُوْهُ مِنْ قَبْلُ قَدْ
جَآءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ فَهَلْ لَّنَا مِنْ شُفَعَآءَ
فَيَشْفَعُوْا لَنَآ اَوْ نُرَدُّ فَنَعْمَلَ غَيْرَ الَّذِيْ كُنَّا نَعْمَلُ
قَدْ خَسِرُوْٓا اَنْفُسَهُمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٥٣﴾
اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ
سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يُغْشِي الَّيْلَ النَّهَارَ

બન્દાઓ માટે નક્કી કર્યું છે તેમાં ફેરફાર કરી નાખે (ખાઝિન)

૨૦૨. જેને ''અઅરાફ'' કહે છે.

૨૦૩. એ લોકો ક્યા વર્ગના હશે? એમાં ઘણા ભિન્ન ભિન્ન મંતવ્યો છે. એક કથન એવું છે કે એ તે લોકો હશે જેમની નેકીઓ અને બદીઓ સરખે સરખી હશે. તેઓ અઅરાફ પર રહેશે. જ્યારે જન્નતીઓ તરફ દેખશે ત્યારે તેમને સલામ કરશે, અને દોઝખીઓ તરફ જોશે ત્યારે કહેશે કે; ''અય પરવરદિગાર! અમને જાલિમ કોમ સાથે ન કરીશ.'' અંતે તેઓ જન્નતમાં દાખલ કરાશે.

એક કથન એવું છે કે જે લોકો જિહાદમાં શહીદ થયા હશે, પણ તેમના માં-બાપ તેમનાથી નારાજ હશે, તેમને અઅરાફ પર જગ્યા આંપવામાં આવશે.

એક કથન એવું છે કે જેમના માં-બાપમાંથી એક તેમનાથી રાજી છે અને એક નારાજ છે. તેવા લોકોને અઅરાફ પર જગ્યા આપવામાં આવશે.

ઉપરોક્ત કથનોથી પુરવાર થાય છે કે અઅરાફવાળાઓનો મરતબો જન્નતવાળાઓથી ઓછો છે.

મુજાહિદનું કહેવું છે કે અઅરાફ પર નેક લોકો, ફકીરો, અને આલિમો હશે. અને તેમનો મકામ ત્યાં એટલા માટે રાખવામાં આવશે કે બીજાઓ તેમની શ્રેષ્ઠતા અને મોટાઈને જોઈ શકે.

અને એક કથન એવું છે કે અઅરાફમાં નબીઓ હશે. અને તેઓ આ ઉચ્ચ સ્થાનમાં બધા કયામતવાળાઓ પર વિશિષ્ઠ કરવામાં આવશે. અને તેમની શ્રેષ્ઠતા અને ઉચ્ચ મરતબાને જાહેર કરવામાં આવશે. જેથી જન્નતીઓ અને દોઝખીઓ તેમને જુએ. અને તેઓ એમની પરિસ્થિતિ અને સવાબ તેમજ અઝાબના પ્રમાણ

અને હાલતોનું નિરીક્ષણ કરે. આ કથનો અનુસાર અઅરાફવાળાઓ જન્નતીઓમાં શ્રેષ્ઠ લોકો હશે. કારણ કે તેઓ બીજાઓથી મરતબામાં ઊંચા છે. આ બધા કથનોમાં કશો વિરોધાભાસ નથી, એટલા માટે કે, બની શકે છે કે દરેક વર્ગના લોકો અઅરાફમાં રાખવામાં આવે. અને દરેકને રાખવાનું રહસ્ય અલગ હોય.

૨૦૪. બન્ને પક્ષો એટલે જન્નતી અને દોઝખી. જન્નતીઓના મોઢાં ઉજળાં અને ખીલેલાં હશે. જ્યારે દોઝખીઓના મોઢાં કાળાં અને આંખો લીલી હશે, આજ તેમનાં ઓળખચિન્હો છે.

૨૦૫. અઅરાફવાળા હજુ સુધી.

૨૦૬. અઅરાફવાળાઓની.

૨૦૭. કાફિરોમાંથી.

૨૦૮. અને અઅરાફવાળા ગરીબ મુસ્લિમો તરફ ઈશારો કરીને કાફિરોને કહેશે;

૨૦૯. જેમને દુનિયામાં તમે તુચ્છ સમજતા હતા.

૨૧૦. હવે જોઈ લો કે જન્નતના અનંત એશઆરામમાં કેવી ઈજ્જત અને માનમોભા સહિત છે.

૨૧૧. હઝ્રત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ બયાન કર્યું છે કે જ્યારે અઅરાફરાળા જન્નતમાં ચાલ્યા જશે, ત્યારે દોઝખી લોકોને પણ લાલચ પડશે, અને તેઓ વિનંતી કરશે, "અય પરવરદગાર! જન્નતમાં અમારા સગાં સંબંધીઓ છે, આજ્ઞા આપ કે અમે તેમને જોઈએ, તેમની સાથે વાતચીત કરીએ," રજા મળશે. પછી તેઓ પોતાનાં સગા વહાલાને જન્નતની નેઅમતોમાં નિહાળશે, અને ઓળખશે, પણ જન્નતી લોકો દોઝખવાળાઓને નહિ ઓળખે, કારણ કે તેમના મોઢાં કાળાં બની ગયા હશે. શિકલો બગડી ગઈ હશે, ત્યારે જન્નતીઓને તેઓ નામ લઈ લઈને બોલાવશે, કોઈ પોતાના બાપને બોલાવશે તો કોઈ ભાઈને, અને કહેશે કે હું બળી મર્યો છું મારા પર પાણી રેડો, અને તમને જે અલ્લાહે તે ખાવાનું આપ્યું છે તે આપો, ત્યારે જન્નતવાળાઓ;

૨૧૨. કે હલાલ અને હરામની બાબતમાં પોતાની મનેચ્છાને અનુસર્યા. જ્યારે તેમને ઈમાન પ્રતિ બોલાવાયા ત્યારે હંસી ઉડાવવા મંડયા.

૨૧૩. તેની લિજ્જતોમાં આખેરતને ભૂલી ગયા.

૨૧૪. કુરઆન શરીફ.

૨૧૫. અને તે કયામતનો દિવસ છે.

૨૧૬. ન તો તેના પર ઈમાન લાવતા હતા, ન તે મુજબ અમલ કરતા હતા.

૨૧૭. એટલે કે કુફ્રના બદલે ઈમાન લાવીએ, અને ગુનાહો તેમજ આજ્ઞા ઉલ્લંઘનને બદલે આજ્ઞાંકિત બનીએ અને ફરમાંબરદારી કરીએ. પરંતુ તેઓને ન તો શફાઅત મળશે, ન તો દુનિયામાં પરત મોકલવામાં આવશે.

૨૧૮. જે તેઓ જૂઠ બોલતા હતા કે મૂર્તિઓ ખુદાની ભાગીદાર છે, અને પોતાના પૂજનારાઓની શફાઅત કરશે. હવે આખેરતમાં તેમને જણાયું કે તેમના એ દાવાઓ જૂઠા હતા.

૨૧૯. એમાંની બધી વસ્તુઓ સહિત, જેમકે બીજી આયતમાં છે કે "વલકદ ખલક્ન-સમાવાતે વલઅર્દ વમા બયનહુમા ફી સિત્તતિ અય્યામિન" (બેશક! અમે આકાશો અને ધરતી તેમાંની વસ્તુઓ સહિત ૬ દિવસોમાં સર્જયા)

૨૨૦. ૬ દિવસો એટલે દુનિયાના ૬ દિવસો જેટલો સમય. કારણ કે આ દિવસો તો તે સમયે હતા

લાયક અર્શ પર ઈસ્તેવા ફરમાવ્યો[૨૨૧] રાત્રી દિવસને એક-બીજાથી ઢાંકે છે કે તરત જ તેની પાછળ લાગ્યો આવે છે અને સૂર્ય અને ચંદ્ર અને તારાઓ બનાવ્યા. બધા તેના હુકમના દબાએલા (છે). સાંભળો! જન્માવવું અને હુકમ આપવો તેના જ હાથમાં છે મહાન બરકતવંત છે, અલ્લાહ પાલનહાર સર્વ જગતનો (૫૪) પોતાના પાલનહાર પાસે કરગરીને અને ધીમેથી દુઆ કરો. બેશક! હદ ઓળંગ-નારાઓ તેને ગમતા નથી[૨૨૨] (૫૫) અને ધરતીમાં હુલ્લડ ન જગાડો[૨૨૩] તેના સુધર્યા પછી.[૨૨૪] અને તેની પાસે બ્હીતા બ્હીતા અને (રહેમની) લાલચ કરતાં દુઆ કરો. બેશક! અલ્લાહની રહમત નેક લોકોની નજીક છે (૫૬) અને તે જ છે જે તેની રહમતની આગળ ખુશખબર[૨૨૫] સંભળાવતી હવાઓ મોકલે છે. ત્યાં સુધી કે જ્યારે (તે) ભારે વાદળો ઉપાડી લાવી, (ત્યારે) અમે તેને અમુક મૃત શહેર તરફ ચલાવી.[૨૨૬] પછી તેમાંથી પાણી ઉતાર્યું, પછી તેનાથી કાઢયાં જાત જાતનાં ફળો. એવી જ રીતે અમે મડદાંઓને કાઢીશું.[૨૨૭] કે ક્યાંક તમે શિખામણ સ્વીકારો (૫૭) અને જે જમીન સારી છે તેનો ઘાસ ચારો અલ્લાહના હુકમથી નીકળે છે.[૨૨૮] અને જે ખરાબ છે તેમાં નીકળતો નથી પણ મુશ્કેલીથી થોડ઼ોક જ.[૨૨૯] અમે આમ જ



يَطْلُبُهُ حَثِيثًا وَّالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُومَ مُسَخَّرٰتٍ
بِأَمْرِهِ ۗ أَلَا لَهُ الْخَلْقُ وَالْأَمْرُ ۗ تَبٰرَكَ اللّٰهُ رَبُّ الْعٰلَمِينَ ﴿٥٤﴾
ادْعُوا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً ۚ إِنَّهُ لَا يُحِبُّ الْمُعْتَدِينَ ﴿٥٥﴾
وَلَا تُفْسِدُوا فِي الْأَرْضِ بَعْدَ إِصْلٰحِهَا وَادْعُوهُ
خَوْفًا وَّطَمَعًا ۚ إِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيبٌ مِّنَ الْمُحْسِنِينَ ﴿٥٦﴾
وَهُوَ الَّذِي يُرْسِلُ الرِّيٰحَ بُشْرًا بَيْنَ يَدَيْ رَحْمَتِهِ ۖ
حَتّٰى إِذَا أَقَلَّتْ سَحَابًا ثِقَالًا سُقْنٰهُ لِبَلَدٍ مَّيِّتٍ
فَأَنْزَلْنَا بِهِ الْمَاءَ فَأَخْرَجْنَا بِهِ مِنْ كُلِّ الثَّمَرٰتِ ۖ
كَذٰلِكَ نُخْرِجُ الْمَوْتٰى لَعَلَّكُمْ تَذَكَّرُونَ ﴿٥٧﴾ وَالْبَلَدُ
الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهُ بِإِذْنِ رَبِّهِ ۖ وَالَّذِي خَبُثَ
لَا يَخْرُجُ إِلَّا نَكِدًا ۚ كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ

منزل ٢

નહિ, અને ન તો સૂર્ય હતો, કે જેનાથી દિવસ (ની ગણત્રી) થાય. અને અલ્લાહ એક ક્ષણ કે એનાથી ઓછા સંમયમાં સર્જવા પણ શક્તિમાન હતો. પણ એટલા સમયમાં સર્જવું એ (તેના) રહસ્ય અનુસાર છે. અને એનાથી બન્દાઓને પોતાના કાર્યોમાં તબક્કા (અને યોજના) ધારણ કરવાનો પાઠ મળે છે.

૨૨૧. આ "ઈસ્તેવા" મુતશાબેહાત (જેનો ખરો અર્થ માત્ર અલ્લાહ અને તેના રસૂલ જ જાણે છે) માંથી છે. આપણે એના પર ઈમાન લાવીએ છીએ કે એનાથી અલ્લાહે જે અર્થ ધાર્યો છે તે સત્ય છે. હઝરત ઈમામ અબૂ હનીફા રહમતુલ્લાહે અલયહે કહ્યું કે; ઈસ્તેવા (નો અર્થ) જાહેર છે પણ એની વિગત બિન જણાએલી છે, અને એના પર ઈમાન લાવવુ વાજિબ છે. આ'લા હઝરત (કુદ્દસ સિર્રહૂ) એ ફરમાવ્યું કે; એનો અર્થ એ છે કે સર્જનનો અંત અર્શ પર જઈને રહયો. તેની કિતાબના રહસ્યો અલ્લાહ જ જાણે છે.

૨૨૨. અલ્લાહ પાસે ભલાઈ ઈચ્છવાને દુઆ કહે છે. તેથી એ ઈબાદતમાં ગણાય છે. કારણ કે દુઆ કરનાર પોતાને લાચાર અને મોહતાજ સમજતો હોય છે, જ્યારે અલ્લાહને તે સાચો સત્તાધીશ અને દાતા માનતો હોય છે. એટલા માટે જ હદીષ શરીફમાં કહેવાયું છે કે "દુઆ ઈબાદતનું મગજ છે." આયતમાં જે તદર્રુઅ નો શબ્દ છે તેનો હેતુ છે આજેઝીની જાહેરાત અને હૃદયની નિખાલસતા, અને દુઆનો અદબ એ છે કે ધીરેથી માંગવામાં આવે. હસન રદીયલ્લાહુ અન્હૂનું કથન છે કે ધીમેથી દુઆ માંગવી જોરથી માંગવા કરતાં ૭૦ દરજ્જા વધુ શ્રેષ્ઠ છે.

**મસઅલો** :- ઈબાદતો જાહેર રીતે કરવા કરતાં વધુ શ્રેષ્ઠ છે કે છુપી રીતે? એમાં આલિમોનો મતભેદ છે. અમુક છુપી રીતે કરવાને શ્રેષ્ઠ માને છે, કારણ કે દેખાવો કરવાથી (રિયાથી) દૂર છે. અમુક કહે છે કે

يَشْكُرُوْنَ ﴿٥٨﴾ لَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَقَالَ
يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنِّيْٓ اَخَافُ
عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿٥٩﴾ قَالَ الْمَلَاُ مِنْ قَوْمِهٖٓ
اِنَّا لَنَرٰىكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٦٠﴾ قَالَ يٰقَوْمِ لَيْسَ بِيْ ضَلٰلَةٌ
وَّلٰكِنِّيْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٦١﴾ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ
رَبِّيْ وَاَنْصَحُ لَكُمْ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٦٢﴾
اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ
مِّنْكُمْ لِيُنْذِرَكُمْ وَلِتَتَّقُوْا وَلَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿٦٣﴾
فَكَذَّبُوْهُ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ مَعَهٗ فِي الْفُلْكِ
وَاَغْرَقْنَا الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا
عَمِيْنَ ﴿٦٤﴾ وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ

જાત જાતની રીતે આભાર માનનારાઓ માટે આયતો વર્ણવીએ છીએ[૨૩૦] (૫૮) બેશક! અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો.[૨૩૧] તો તેણે કહ્યું, "અય મારી કોમ અલ્લાહને પૂજો,[૨૩૨] તેના સિવાય તમારો કોઈ પૂજનિય નથી,[૨૩૩] બેશક! મને તમારા માટે મહાન દિવસની શિક્ષાનો ભય છે"[૨૩૪] (૫૯) તેની કોમના આગેવાનો બોલ્યા, "બેશક! અમે તમને ચોખ્ખી ભૂલથાપમાં જોઈએ છીએ" (૬૦) (નૂહે) કહ્યું, અય મારી કોમ મારામાં ભટકેલપણું કશું નથી, હું તો રબ્બુલ આલમીનનો રસૂલ છું (૬૧) તમને મારા પરવરદીગારની રિસાલતો (ની વાતો) પહોંચાડું છું, અને તમારૂં હિત ઈચ્છું છું, અને હું અલ્લાહ તરફથી એવું ઈલ્મ (જ્ઞાન) ધરાવું છું જે તમે ધરાવતા નથી" (૬૨) અને કહ્યું; "તમને એ વાતથી આશ્ચર્ય થયું કે તમારી પાસે તમારા પાલનહાર તરફથી તમારા અંદરના એક પુરૂષ મારફત નસીહત આવી?[૨૩૫] કે જેથી તે તમને ડરાવે અને તમે ડરો, કે જેથી ક્યાંક તમારા પર દયા થાય" (૬૩) તો તેમણે તેને જૂઠાડયા તો અમે તેને[૨૩૬] અને તેઓને[૨૩૭] જે તેની સાથે નાવડીમાં હતા છુટકારો આપ્યો. અને અમારી આયતોને જૂઠાડનારાઓને ડૂબાડી દીધા. બેશક! તે આંધળું જુથ હતું[૨૩૮] (૬૪) અને આદ તરફ[૨૩૯]

જાહેર રીતે કરવી શ્રેષ્ઠ છે, કારણ કે એનાથી બીજાઓને ઈબાદત કરવાનો શોખ જન્મે છે. તિરમિઝીએ કહ્યું છે કે જો માણસને પોતાની જાત બાબત રિયાકારીનો ભય હોય તો છુપી રીતે કરવી બેહતર છે, અને જો હૃદય નિખાલસ હોય રિયાકારીનો ડર ન હોય તો જાહેરમાં કરવી સારી છે. અમુક લોકોનું કહેવું છે કે ફર્ઝ ઈબાદતો જાહેરમાં કરવી અફઝલ છે. ફર્ઝ નમાઝ મસ્જિદમાં જ અફઝલ છે, અને ઝકાતને જાહેર કરીને આપવી જ શ્રેષ્ઠ છે. અને નિફલ ઈબાદતો નમાઝ હોય કે સદકો છુપી રીતે કરવી ઉત્તમ છે.

દુઆમાં અનેક રીતે હદ ઓળંગવાનું બની શકે છે, એમાં એક એ છે કે જોર જોરથી બુમો પાડે.

૨૨૩. કુફ્ર, ગુનોહ અને અત્યાચાર કરીને.

૨૨૪. પૈગમ્બરોના આવ્યા પછી અંને સત્યનું નિમંત્રણ આપ્યા બાદ, તેમજ આદેશો જાહેર કર્યા પછી તેમજ ઈન્સાફ સ્થાપિત કર્યા બાદ.

૨૨૫. વરસાદની. અને અહીં રહમતનો અર્થ વરસાદ છે.

૨૨૬. જ્યાં વરસાદ ન થયો હતો અને ઘાસ ચારો ન ઉગ્યો હતો.

૨૨૭. અર્થાત જે રીતે મૃત ધરતીને વેરાની પછી નવજીવન આપે છે, અને તેને લીલાછમ કરી દે છે, અને તેમાં ખેતી ઝાડો ફળ ફૂલ જન્માવે છે, એવીજ રીતે મડદાઓને પણ કબ્રોમાંથી જીવંત કરીને કાઢશે. કારણ કે જે સુકા લાકડામાં ફળ ફૂલ લગાડી શકવા શક્તિમાન છે તેના માટે મડદાઓને જીવંત કરવું શું કપરૂં છે? કુદરતની આ નિશાની જોયા પછી કોઈ બુદ્ધિમાન સમજદારને મડદાઓને જીવંત કરવા બાબત કશી શંકા રહેતી નથી.

૨૨૮. આ દ્રષ્ટાંત મો'મિનનું છે. જે રીતે ફળદ્રુપ જમીન પાણીથી ફાયદો મેળવે છે. તેમાં ફળ ફૂલ થાય છે, એવી જ રીતે જ્યારે મો'મિનના દિલ પર કુરઆની અન્વારનો વરસાદ વરસે છે ત્યારે તે તેનાથી ફાયદો ઉઠાવે છે, ઈમાન લાવે છે અને આજ્ઞા પાલન તેમજ ઈબાદતો દ્વારા ફળે ફૂલે છે.

૨૨૯. આ દ્રષ્ટાંત કાફિરોનું છે. જેવી રીતે ખરાબ જમીન વરસાદથી ફાયદો મેળવતી નથી એવી જ રીતે કાફિરનું દિલ કુરઆનથી લાભ ઉઠાવતું નથી.

૨૩૦. જે તવહીદ અને ઈમાનની દલીલો અને આધાર છે.

૨૩૧. હઝરત નૂહ અલયહિસ્સલામના પિતાનું નામ લમક હતું. તેઓ મતુશલખના અને મતુશલખ ઈખનુખ અલયહિસ્સલામના પુત્ર હતા. ઈખનુખ હઝરત ઈદરીસ અલયહિસ્સલામનું નામ છે. હઝરત નૂહ અલયહિસ્સલામને ચાલીસ અથવા પચાસ વર્ષની વયે નબુવ્વતના કાર્યોની સોંપણી થઈ.

ઉપરની આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાની કુદરતની દલીલો અને અજબ ગજબના સર્જનનું વર્ણન કર્યું, જેનાથી તેની તવહીદ અને પાલનહાર હોવું પુરવાર થાય છે. અને મૃત્યુ પછી જીવંત થવાની વાત ખરી હોવા બાબત જડબાતોડ દલીલો સ્થાપિત કરી. ત્યારબાદ પૈગમ્બરો અને તેની ઉમ્મતો સાથે તેમને જે બનાવો બન્યા . તેનું બયાન કરે છે. એમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને શાંત્વન આપવાનું હેતુ છે કે માત્ર તમારી જ કોમે સત્ય સ્વીકારવાનો ઈન્કાર નથી કર્યો, આગલી ઉમ્મતો પણ એ કરતી આવી છે. અને નબીઓને જૂઠાડનારાઓનું પરિણામ દુનિયામાં વિનાશ અને આખેરતમાં સખ્ત અઝાબ છે. એનાથી સાબિત થાય છે કે નબીઓને જૂઠાડનારાઓ અલ્લાહના ગઝબને પાત્ર ઠરે છે. જે માણસ હુઝૂર સલ્લલ્લહો અલયહિ વસલ્લમને જૂઠાડશે, તેનું પરિણામ પણ એ જ થશે. નબીઓના આ બયાનમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વતની જબરદસ્ત દલીલ છે. કારણ કે આપ ઉમ્મી હતા. છતાં આપનું એ બનાવોનું વિગતવાર વર્ણવવું, અને ખાસ કરીને એવા દેશમાં જ્યાં એહલે કિતાબના આલિમો મોટા પ્રમાણમાં હતા, અને વિરોધમાં સક્રિય પણ હતા. જરા જેટલી વાત મળી જતાં ઉહાપોહ મચાવી દેતા હતા, એવા સ્થળે આપનું એ બનાવોનું બયાન કરવું અને એહલે કિતાબનું ચુપ અને આશ્ચર્યમય રહેવું એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે આપ સાચા નબી છે, અને પરવરદિગારે આપના માટે ઈલ્મોના દરવાજા ખોલી દીધા છે.

૨૩૨. તે જ પૂજવાને પાત્ર છે.

૨૩૩. તો તેના સિવાય અન્યને ન પૂજો.

૨૩૪. કયામતના દિવસનો અથવા તોફાન (રેલ) ના દિવસનો જો તમે મારી શિખામણ માન્ય ન રાખો અને સીધા માર્ગ પર ન આવો તો.

૨૩૫. જેને તમે સારી રીતે ઓળખો છો અને જેની વંશાવળીને જાણો છો.

૨૩૬. અર્થાત નૂહ અલયહિસ્સલામને.

૨૩૭. જે તેમના પર ઈમાન લાવ્યા અને

૨૩૮. જેમને સત્ય દેખાતું ન હતું. હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે તેમના દિલો આંધળાં હતાં, મઅરેફતનું નૂર તેમના નસીબમાં ન હતું.

૨૩૯. અહીં આદ પહેલીનું વર્ણન છે, એ હઝરત હૂદ અલયહિસ્સલામની કોમ હતી. અને આદ બીજી હઝરત સાલિહ અલયહિસ્સલામની કોમ હતી, એને સમુદ પણ કહે છે. (જુમલ)

૨૪૦. હૂદ અલયહિસ્સલામને.

તેમની જ્ઞાતિમાંથી હૂદને મોકલ્યા. કહ્યું,[૨૪૦] "અય મારી કોમ! અલ્લાહની બંદગી કરો, તે સિવાય કોઈ તમારો મઅબૂદ નથી. તો શું તમને બ્હીક નથી[૨૪૧] (૬૫) તેની કોમના આગેવાનો બોલ્યા, "બેશક! અમે તને મૂર્ખ સમજીએ છીએ, અને બેશક! અમે તને જૂઠાઓમાં ગણીએ છીએ"[૨૪૨] (૬૬) (હૂદે) કહ્યું, "અય મારી કોમ! મને મૂર્ખતા સાથે શું લેવા દેવા? હું તો પરવરદીગારે આલમનો રસૂલ છું (૬૭) તમને મારા પાલનહારની રિસાલતો (ની વાતો) પહોંચાડું છું, અને તમારો વિશ્વાસુ હિતેચ્છુ છું[૨૪૩] (૬૮) શું તમને એનું આશ્ચર્ય થયું કે તમારી પાસે તમારા પરવરદીગાર તરફથી તમારા અંદરના એક પુરૂષ મારફત શિખામણ આવી? જેથી તે તમને ડરાવે. અને યાદ કરો જ્યારે તેણે તમને નૂહની કોમના વારસદાર કર્યા,[૨૪૪] અને તમારા શરીરોનો બાંધો વધાર્યો,[૨૪૫] તો અલ્લાહની નેઅમતો યાદ કરો[૨૪૬] જેથી તમારૂં ભલું થાય (૬૯) (કાફિરો) બોલ્યા, "શું તમે અમારી પાસે એટલા માટે આવ્યા છો[૨૪૭] કે અમે એક અલ્લાહને પૂજીએ અને જે[૨૪૮] અમારા બાપ-દાદા પૂજતા હતા એને છોડી દઈએ? તો જો સાચા હોવ તો જેનો અમને વાયદો કરી રહ્યા છો તે[૨૪૯] લાવો" (૭૦)

ولو اننا — الاعراف ٧

اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ۭ اَفَلَا تَتَّقُوْنَ ۝٦٥
قَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖٓ اِنَّا لَنَرٰىكَ
فِيْ سَفَاهَةٍ وَّاِنَّا لَنَظُنُّكَ مِنَ الْكٰذِبِيْنَ ۝٦٦ قَالَ
يٰقَوْمِ لَيْسَ بِيْ سَفَاهَةٌ وَّلٰكِنِّيْ رَسُوْلٌ مِّنْ رَّبِّ
الْعٰلَمِيْنَ ۝٦٧ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَاَنَا لَكُمْ نَاصِحٌ
اَمِيْنٌ ۝٦٨ اَوَعَجِبْتُمْ اَنْ جَاۗءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰي
رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ ۭ وَاذْكُرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَاۗءَ
مِنْۢ بَعْدِ قَوْمِ نُوْحٍ وَّزَادَكُمْ فِي الْخَلْقِ بَصْۜطَةً ۚ
فَاذْكُرُوْٓا اٰلَاۗءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝٦٩ قَالُوْٓا
اَجِئْتَنَا لِنَعْبُدَ اللّٰهَ وَحْدَهٗ وَنَذَرَ مَا كَانَ يَعْبُدُ
اٰبَاۗؤُنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ۝٧٠

૨૪૧. અલ્લાહના અઝાબની.

૨૪૨. અર્થાત રસૂલ હોવાના દાવામાં સાચા નથી ગણતા.

૨૪૩. કાફિરોનું હઝરત હૂદ અલયહિસ્સલામને મૂર્ખ અને જૂઠો કહેવું હદ દરજ્જાની બેઅદબી અને નાલાયકી હતી. અને તેઓ સખ્ત પ્રત્યુત્તરને પાત્ર હતા, પણ એમને પોતાના ઉચ્ચ અખ્લાક અદબ અને ઈલ્મી શાનને લક્ષમાં રાખીને જે જવાબ આપ્યો તેમાં બદલાની ગંધ પણ ન આવવા દીધી. અને તેમની અજ્ઞાનતા સામે આંખ આડા કાન કર્યા. એનાથી જગતને એ પાઠ મળે છે કે મૂર્ખાઓ અને નાલાયકો સાથે આવી વાતચીત કરવી જોઈએ. સાથે સાથે એમને પોતાની રિસાલત અને હિતેચ્છુ હોવાનું તેમજ વિશ્વાસનો ઉલ્લેખ પણ કર્યો, એનાથી એ મસ્અલો જણાયો કે ઈલ્મ અને કમાલિયતવાળાઓ માટે જરૂરના સમયે પોતાનો સ્થાન અને કમાલિયતને જાહેર કરવું જાઈઝ છે.

૨૪૪. એ તેનો કેટલો મોટો ઉપકાર છે.

૨૪૫. અને ખૂબ જ તાકાત અને બાંધાની લંબાઈ આપી.

૨૪૬. અને આવા ઉપકાર કરનાર પર ઈમાન લાવો તેમજ આજ્ઞાપાલન તથા ઈબાદત કરીને તેના ઉપકારનો આભાર માનો.

૨૪૭. અર્થાત પોતાના ઈબાદત કરવાના સ્થળેથી. હઝરત હૂદ અલયહિસ્સલામ પોતાની કોમના ગામથી અલગ એક એકાંત જગ્યાએ ઈબાદત કરતા રહેતા હતા. જ્યારે એમની પાસે વહી આવતી ત્યારે જઈને સંભળાવી આવતા હતા.

(હૂદે) કહયું "અવશ્ય તમારા પર તમારા પરવરદીગારનો અઝાબ અને કેર લાગુ થઈ ગયો.[૨૫૦] શું તમે માત્ર તે નામો વિષે મારી સાથે ઝગડી રહ્યા છો જે તમે અને તમારા બાપ દાદાઓએ ઉપજાવી કાઢયાં?[૨૫૧] (અને) અલ્લાહે તેનો કોઈ આધાર ઉતાર્યો નથી. તો રાહ જુઓ,[૨૫૨] હું પણ તમારી સાથે (રાહ) જોઉં છું" (૭૧) તો અમે તેને (હૂદને) અને તેના સાથીદારોને[૨૫૩] એક મોટી કૃપા કરીને છુટકારો આપ્યો,[૨૫૪] અને જે અમારી આયતોને જૂઠાડતા હતા[૨૫૫] તેમનાં મૂળ ઉખેડી નાખ્યાં.[૨૫૬] અને તેઓ ઈમાનદાર ન હતા (૭૨) અને (કોમે) ષમૂદ તરફ[૨૫૭] તેમની જ્ઞાતિના સાલિહ (પૈગમ્બર)ને મોકલ્યા. (સાલિહે) કહ્યું; "અય મારી કોમ! અલ્લાહને પૂજો. તેના સિવાય તમારો કોઈ મઅબૂદ નથી. બેશક! તમારી પાસે તમારા પરવરદીગાર તરફથી[૨૫૮] સ્પષ્ટ દલીલ આવી.[૨૫૯] આ અલ્લાહની ઊંટડી છે,[૨૬૦] (એ) તમારા માટે (તેની કુદ-રતની) નિશાની (છે). તો એને (સ્વતંત્ર) મૂકી દો, કે (જેથી) અલ્લાહની જમીનમાં (થી) ખાય. અને એને બુરાઈ (ના ઈરાદા) થી હાથ લગાડશો નહિ,[૨૬૧] કે તેથી તમારાપર દુઃખદાયક અઝાબ આવી પડશે (૭૩) અને યાદ કરો[૨૬૨] જ્યારે તમને (કોમે) આદના વારસદાર બનાવ્યા,

ولو اننا ٨ — الاعراف ٧

قَالَ قَدْ وَقَعَ عَلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ رِجْسٌ وَّغَضَبٌ
اَتُجَادِلُوْنَنِيْ فِيْٓ اَسْمَآءٍ سَمَّيْتُمُوْهَآ اَنْتُمْ
وَاٰبَآؤُكُمْ مَّا نَزَّلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ فَانْتَظِرُوْٓا
اِنِّيْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ﴿٧١﴾ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ
مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا وَقَطَعْنَا دَابِرَ الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِنَا وَمَا كَانُوْا مُؤْمِنِيْنَ ﴿٧٢﴾ وَاِلٰى ثَمُوْدَ
اَخَاهُمْ صٰلِحًا قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ
مِّنْ اِلٰهٍ غَيْرُهٗ قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ
هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً فَذَرُوْهَا تَاْكُلْ فِيْٓ
اَرْضِ اللّٰهِ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ
عَذَابٌ اَلِيْمٌ ﴿٧٣﴾ وَاذْكُرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ

૨૪૮. મૂર્તિઓ.

૨૪૯. અઝાબ.

૨૫૦. અને તમારી અવળચંડાઈના કારણે તમારા પર અઝાબનું આગમન અનિવાર્ય બની ગયું છે.

૨૫૧. અને તેમની હકીકત કંઈ જ ન હોવા છતાં અને અલ્લાહ હોવાના અર્થથી સદંતર કોરા હોવા છતાં તેમને પૂજવા લાગ્યા અને મઅબૂદ સમજવા મંડયા.

૨૫૨. અલ્લાહના અઝાબની.

૨૫૩. જે તેમના અનુયાયીઓ હતા, અને તેમના પર ઈમાન લાવ્યા હતા.

૨૫૪. તે અઝાબની જે હૂદની કોમ પર ઉતર્યો હતો.

૨૫૫. અને હૂદ અલયહિસ્સલામને જૂઠાડતા હતા.

૨૫૬. અને એ રીતે તેમનો નાશ કર્યો કે એક પણ બચ્યો નહીં. ટૂંકમાં બનાવ આ મુજબ છે કે કોમે આદ અહકાફ નામના સ્થળે રહેતી હતી, જે ઓમાન અને હઝરમુતની વચમાં યમનના ભાગમાં એક રેતાળ પ્રદેશ છે, તેમણે ધરતીને ગુનાહોથી ભરી દીધી હતી. અને દુનિયાની બીજી કોમને પોતાની તાકાતના ઘમંડમાં અત્યાચારોથી કચડી નાખી હતી. એ લોકો મૂર્તિપૂજકો હતા. તેમની એક મૂર્તિનું નામ સદાઅ એકનું ષમુદ અને એકનું હબાઅ હતું. અલ્લાહ તઆલાએ તેમનામાં હઝરત હૂદ અલયહિસ્સલામને જાહેર કર્યા. તેમણે તેઓને એક અલ્લાહની ઈબાદત કરવાનો અનુરોધ કર્યો અને શિર્ક મૂર્તિપૂજા તેમજ જુલ્મ અને અત્યાચારની મનાઈ કરી. ત્યારે તે લોકોએ ઈન્કાર કર્યો, અને આપને જૂઠાડવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે અમારાથી

مِنْ بَعْدِ عَادٍ وَّبَوَّاَكُمْ فِى الْاَرْضِ تَتَّخِذُوْنَ
مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّتَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا
فَاذْكُرُوْٓا اٰلَآءَ اللّٰهِ وَلَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ ۝۷۴
قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لِلَّذِيْنَ
اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ اَتَعْلَمُوْنَ اَنَّ
صٰلِحًا مُّرْسَلٌ مِّنْ رَّبِّهٖ ؕ قَالُوْٓا اِنَّا بِمَآ اُرْسِلَ
بِهٖ مُؤْمِنُوْنَ ۝۷۵ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا
بِالَّذِىْٓ اٰمَنْتُمْ بِهٖ كٰفِرُوْنَ ۝۷۶ فَعَقَرُوا النَّاقَةَ
وَعَتَوْا عَنْ اَمْرِ رَبِّهِمْ وَقَالُوْا يٰصٰلِحُ ائْتِنَا بِمَا
تَعِدُنَآ اِنْ كُنْتَ مِنَ الْمُرْسَلِيْنَ ۝۷۷ فَاَخَذَتْهُمُ
الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِىْ دَارِهِمْ جٰثِمِيْنَ ۝۷۸

અને દેશમાં જગ્યા આપી, કે (જેથી) નરમ જમીનમાં મહેલો બાંધો છો,[૨૬૩] અને પર્વતોમાં ખોદીને મકાનો બનાવો છો.[૨૬૪] તો અલ્લાહની નેઅમતો યાદ કરો,[૨૬૫] અને ધરતી પર હુલ્લડ ન મચાવતા ફરો" (૭૪) બોલ્યા તે લોકો જેમણે ઘમંડ કર્યો તેની કોમમાંથી અશક્ત મુસલમાનોને; શું તમે જાણો છો કે સાલિહ પોતાના પરવરદીગારના રસૂલ છે? (મુસલમાનો) બોલ્યા; "તેઓ જે કંઈ લઈને મોકલાયા (છે) અમે તેના પર ઈમાન ધરાવીએ છીએ"[૨૬૬] (૭૫) ઘમંડીઓ બોલ્યા; "તમે જેના પર ઈમાન લાવ્યા (છો) તેનાથી અમને ઈન્કાર છે" (૭૬) પછી[૨૬૭] ઊંટડીની ઘુંટીઓ કાપી નાખી, અને પોતાના પરવરદીગારના હુકમ સામે માથુ ઊંચકયું. અને બોલ્યા; "અય સાલિહ! જો તમે રસૂલ હોવ તો જેનો વાયદો આપી રહ્યા છો તે[૨૬૮] અમારા પર લઈ આવો (૭૭) તો તેમને ધરતીકંપે પકડી લીધા. પછી સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા (૭૮)

વધારે તાકતવાળું બીજું કોણ છે?

અમુક માણસો હઝરત હૂદ અલયહિસ્સલામં પર ઈમાન લાવ્યા હતા, તેઓ જુઝ હતા, અને પોતાનું ઈમાન સંતાડીને રહેતા હતા. તેમાંથી એક મો'મિનનું નામ મુરસદ ઈબ્ને સઅદ ઈબ્ને ઉઝૈર હતું. જ્યારે કોમે ઘમંડ કર્યો અને પોતાના નબી હઝરત હૂદ અલયહિસ્સલામને જૂઠાડયા, ધરતીમાં હુલ્લડો મચાવ્યાં અને અત્યાચારોમાં વધારો કર્યો, અને ખૂબ મજબૂત ઘરો બાંધ્યાં, એમ લાગતું કે જાણે તેઓ એવું સમજી બેઠા છે કે તેમને દુનિયામાં હમેશાં રહેવાનું છે. જ્યારે તેમની હાલત એટલી હદે પહોંચી ત્યારે અલ્લાહે વરસાદને રોકી લીધો. ત્રણ વરસ સુધી વરસાદ વરસ્યો નહિ. ત્યારે તેઓ ખૂબ મુસીબતમાં આવી પડયા. અને તે સમયે નિયમ એવો કે જ્યારે કોઈ મુસીબત કે આફત આવી પડતી ત્યારે લોકો બયતુલ્લાહમાં હાજર થઈને અલ્લાહ પાસે તેને દુર કરવાની દુઆ માંગતા હતા. એટલા માટે તેમણે એક મંડળ બયતુલ્લાહ મોકલ્યું તેમાં કીલ ઈબ્ને અન્ઝ અને નઈમ ઈબ્ને હઝાલ તથા મુરસદ ઈબ્ને સઅદ હતા. જેમનામાં છેલ્લા તે છે જેઓ હઝરત હૂદ અલયહિસ્સલામ પર ઈમાન લાવ્યા હતા, અને પોતાનું ઈમાન છુપાવી રાખતા હતા.

તે સમયે મક્કા મુકર્રમામાં અમાલી (કોમનું નામ) રહેતા હતા. અને તેમનો સરદાર મુઅવિયાહ ઈબ્ને બક્ર હતો. તેનું મોસાળ કોમે આદમાં હતું એ સંબંધ લઈને પેલું પ્રતિનિધિમંડળ મક્કા શરીફની પાસે મુઆવિયાહ બિન બક્રના ઘરે ઉતર્યું. તેણે પેલા લોકોની ખૂબ ચાકરી અને ઈજ્જત કરી. તે લોકો ત્યાં શરાબ પીતા અને લોંડીઓનાં નાચ જોતા, એ રીતે પુરો એક મહિનો એશઆરામમાં કાઢી નાખ્યો. મુઅવિયહને વિચાર આવ્યો કે આ લોકો તો એશઆરામમાં પડી ગયા અને પોતાની કોમની મૂસીબતને ભૂલી ગયા છે;

જેઓ ત્યાં આફતમાં સપડાએલી છે, પણ મુઅવિહ ઈબ્ને બક્રને એનો પણ ખ્યાલ હતો કે જો તે પોતે એમને તે વાત કહેશે તો ક્યાંક તેમને એવો ખ્યાલ આવશે કે આને હવે યજમાની ભારે પડી રહી છે, માટે તેને ગાનારી લોંડીઓને એવી કાવ્યપંક્તિઓ આપી જેમાં કોમે આદની હાજતોનું વર્ણન હતું. જ્યારે લોંડીઓએ પેલું કાવ્ય ગાયું ત્યારે તેમને યાદ આવ્યું કે તેઓ એમની કોમની મુસીબતની ફરિયાદ કરવા મક્કા મુકર્રમા મોકલવામાં આવ્યા છે. હવે તેમને વિચાર આવ્યો કે હરમ શરીફમાં પ્રવેશીને કોમ માટે પાણી વરસવાની દુઆ કરીએ. ત્યારે મુરસદ ઈબ્ને સઅદે કહ્યું કે; ''અલ્લાહની કસમ! તમારી દુઆથી પાણી નહીં વરસે, પણ જો તમે તમારા નબીનું કહેવું માનો અને અલ્લાહ પાસે તવબહ કરો તો વરસાદ થશે, અને ત્યારે મુરસદે પોતાનું ઈસ્લામ જાહેર કરી દીધું, પેલાઓએ મુરસદને પડતા મૂક્યા, અને જાતે મક્કા જઈને દુઆ કરી. અલ્લાહ તઆલાએ ત્રણ વાદળો મોકલ્યાં, એક સફેદ, એક લાલ અને એક કાળું, અને આકાશમાંથી અવાજ આવ્યો; ''અય કીલ! તારા અને તારી કોમ માટે આમાંથી એક વાદળ પસંદ કરી લે, તેણે કાળા વાદળને પસંદ કર્યું. એવા વિચારે કે એમાંથી ખૂબ વરસાદ વરસશે.

પછી તે એક વાદળ કોમે આદ તરફ ચાલ્યું, અને તે લોકો તેને જોઈને ઘણાં ખુશ થયા. પણ તેમાંથી એક હવા ચાલી, તે એટલી જોરની હતી કે ઊંટો અને માણસોને ઉડાડીને ક્યાંથી ક્યાં લઈ જતી હતી, આ જોઈને તે લોકો ઘેરોમાં પેસી ગયા, અને બારણાંઓ બંધ કરી દીધાં. છતાં હવાના જોરથી બચી શક્યા નહિ. તેણે તેમના બારણાઓ પણ તોડી નાખ્યાં, અને તેમનો સર્વનાશ કરી નાખ્યો. અલ્લાહની કુદરતથી કાળાં પક્ષીઓ આવ્યા અને તેમણે તેમની લાશને ઊંચકી ઊંચકીને દરિયામાં નાંખી દીધી. હઝરત હૂદ મો'મિનોને લઈને જુદા થઈ ગયા હતા, તેથી તેઓ સલામત રહ્યા. કોમના વિનાશ પછી ઈમાનવાળાઓને લઈને મક્કા મુકર્રમા આવ્યા, અને જીવનના અંતિમ સમય સુધી ત્યાં જ અલ્લાહની ઈબાદત કરતા રહ્યા.

૨૫૭. જેઓ હિજાઝ અને સિરીયાની વચમાં હજર નામના સ્થળે રહેતા હતા.

૨૫૮. મારી નબુવ્વતની સત્યતા પર.

૨૫૯. જેનું વર્ણન આ મુજબ છે કે;

૨૬૦. જે નતો કોઈની પીઠમાં રહી ન તો કોઈના પેટમાં. ન તો કોઈ નર મારફત જન્મી ન કોઈ માદા મારફત. ન તો કોઈ ગર્ભમાં રહી ન તો તેનો જન્મ તબક્કાવર સંપૂર્ણતા સુધી પહોંચ્યો. બલ્કે પ્રચલિત નિયમથી વિરૂદ્ધ તે પહાડના પથ્થરમાંથી એકાએક જન્મી. તેનું આ રીતે જન્મવું એક મુઅજીઝો છે. અને તે એક દિવસ પાણી પીએ છે, અને ષમૂદની આખી કૌમ એક દિવસ, (એકાંતરે). તો એક ઊંટડી એક આખા કબીલાનું પાણી પી જાય તો એ પણ મો'જિઝો છે. એ સિવાય તે જે દિવસે પાણી પીતી હતી તે દિવસે તેનું દૂધ દોહવામાં આવતું હતું, તે એટલું બધું હતું કે આખા કબીલાને પુરૂ પડતું, અને પાણીની ખોટ પુરી કરી દેતું હતું અને તમામ જાનવરો તેમજ પક્ષીઓ તેના વારાનાં દિવસે પાણી પીવા ન આવતાં, એ પણ મો'જિઝો છે. આટલા બધા મો'જિઝાઓ હઝરત સાલિહ અલયહિસ્સલામની નબુવ્વતની સત્યતાંની જબરદસ્ત દલીલો છે.

૨૬૧. મારશો નહિ. અને (ઘાસ ચારા પરથી) તગેડશો નહિ. જો આવું કરશો તો એ જ પરિણામ આવશે;

૨૬૨. અય કોમે ષમૂદ!

૨૬૩. ગરમીના દિવસોમાં આરામ કરવા માટે.

તો સાલિહે તેમનાથી મોઢું ફેરવી લીધું.[૨૬૯] અને કહ્યું; "અય મારી કોમ! બેશક! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી દીધી, અને તમારૂં ભલું ઈચ્છયું. પણ તમને ભલું ચાહનારાઓની કશી પડી જ નથી" (૭૯) અને લૂતને મોકલ્યા.[૨૭૦] જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું; "શું તમે એવી નિર્લજ્જતા કરો છો કે તમારી પહેલાં જગતમાં કોઈએ કરી નથી (૮૦) તમે તો સ્ત્રીઓને છોડીને પુરૂષો પાસે કામવાસના (સંતોષવાના હેતુ) થી જાઓ છો.[૨૭૧] બલ્કે તમે લોકો હદથી વધી ગયા"[૨૭૨] (૮૧) અને તેમની (લૂતની) કોમનો જવાબ એ કહેવા સિવાય (બીજો) ન હતો કે; એમને[૨૭૩] પોતાના ગામમાંથી કાઢી મૂકો, એ લોકો તો પવિત્રતા ઈચ્છે છે[૨૭૪] (૮૨) તો અમે તેને[૨૭૫] અને તેના ઘરવાળાઓને છુટકારો આપ્યો. પણ તેની પત્ની તે રહી જનારાઓમાં થઈ[૨૭૬] (૮૩) અને અમે તેમના પર એક વરસાદ વરસાવ્યો,[૨૭૭] તો જુઓ ગુનેહગારોનું કેવું પરિણામ આવ્યું[૨૭૮] (૮૪) અને મદાયન તરફ તેમની જ્ઞાતિમાંથી શુએબને મોકલ્યા. (શુએબે) કહયું



فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ
رَبِّيْ وَنَصَحْتُ لَكُمْ وَلٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ ﴿٧٩﴾
وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا
سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِيْنَ ﴿٨٠﴾ اِنَّكُمْ
لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ؕ بَلْ
اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ﴿٨١﴾ وَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ
اِلَّاۤ اَنْ قَالُوْۤا اَخْرِجُوْهُمْ مِّنْ قَرْيَتِكُمْ ۚ اِنَّهُمْ
اُنَاسٌ يَّتَطَهَّرُوْنَ ﴿٨٢﴾ فَاَنْجَيْنٰهُ وَاَهْلَهٗۤ اِلَّا
امْرَاَتَهٗ ۖ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٨٣﴾ وَاَمْطَرْنَا
عَلَيْهِمْ مَّطَرًا ؕ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ
الْمُجْرِمِيْنَ ﴿٨٤﴾ وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ؕ قَالَ

૨૬૪. ઠંડીના દિવસો માટે.

૨૬૫. અને તેનો આભાર માનો.

૨૬૬. તેમના ધર્મનો સ્વીકાર કરીએ છીએ, તેમની રિસાલતને માનીએ છીએ.

૨૬૭. કોમે ષમૂદ.

૨૬૮. અઝાબ.

૨૬૯. જ્યારે તેમણે માથું ઊંચક્યું. બયાન કરાયું છે કે તેમણે બુધવારના દિવસે ઊંટડીની ઘુંટીઓ કાપી હતી, ત્યારે હઝરત સાલિહ અલયહિસ્સલામે કહ્યું હતું કે તમે લાકો અત્યાર પછી ત્રણ દિવસ જીવતા રહેશો. પહેલા દિવસે તમારા બધાના મોઢાંઓ પીળાં પડી જશે. બીજા દિવસે લાલ, અને ત્રીજા દિવસે કાળાં, ચોથા દિવસે અઝાબ આવશે. પછી એવું જ બન્યું. રવિવારે લગભગ બપોરે આકાશમાંથી એક ભયાનક અવાજ આવ્યો, જેનાથી તેમનાં હૃદયો ફાટી પડયાં અને બધા નાશ પામ્યા.

૨૭૦. જેઓ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના ભત્રીજા થાય છે. તેઓ ષમૂદ વાસીઓ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યારે તેમના કાકા હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે સિરીયા તરફ હિજરત કરી ત્યારે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ પેલેસ્ટાઈનમાં ઉતર્યા, અને હઝરત લૂત અલયહિસ્સલામ જોર્ડનમાં ઉતર્યા. અલ્લાહ તઆલાએ તેમને ષમૂદવાસીઓ માટે પૈગમ્બર બનાવીને મોકલ્યા. તેઓ તેમને સત્ય ધર્મનું નિમંત્રણ આપતા અને પ્રકૃતિ વિરુદ્ધના કાર્યોથી રોકતા હતા. જેવું કે આયતમાં બયાન આવે છે.

૨૭૧. અર્થાત તેમની સાથે પ્રકૃતિ વિરૂદ્ધનું કાર્ય કરો છો.

"અય મારી કોમ! અલ્લાહની ઈબાદત કરો તેના સિવાય તમારો કોઈ મઅબૂદ નથી. બેશક! તમારી પાસે તમારા પરવરદીગાર તરફથી સ્પષ્ટ દલીલ આવી.[૨૭૯] તો તોલ-માપ પુરેપુરૂં કરો અને લોકોની વસ્તુઓ ઓછું કરીને ન આપો.[૨૮૦] અને વ્યવસ્થા (સ્થાપિત થયા) પછી ધરતીમાં હુલ્લડ ન મચાવો. આ તમારૂં ભલું છે. જો ઈમાન લાવો (તો) (૮૫) અને દરેક રસ્તા પર એવી રીતે ન બેસો કે રસ્તે જનારાઓને ડરાવો અને તેમને અલ્લાહના માર્ગથી રોકો,[૨૮૧] જે તેના પર ઈમાન લાવે અને (તમે) તેનામાં વાંક ઈચ્છો. અને યાદ કરો જ્યારે તમે થોડા હતા, તેણે તમને વધાર્યા.[૨૮૨] અને જુઓ[૨૮૩] હુલ્લડખોરોનું પરિણામ કેવું આવ્યું (૮૬) અને જો તમારામાંથી એક જુથ, જે હું લઈને મોકલવામાં આવ્યો (છું), તેના પર ઈમાન લાવ્યું અને એક જુથે ન માન્યું.[૨૮૪] તો થોભો! ત્યાં સુધી કે અલ્લાહ આપણામાં ફેંસલો કરે.[૨૮૫] અને અલ્લાહનો ફેંસલો બધાથી ઉત્તમ[૨૮૬] (૮૭)

ولو اننا ٨ الاعراف ٧

يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ قَدْ
جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ فَاَوْفُوا الْكَيْلَ
وَالْمِيْزَانَ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَا
تُفْسِدُوْا فِى الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۚ﴿۸۵﴾ وَلَا تَقْعُدُوْا بِكُلِّ صِرَاطٍ
تُوْعِدُوْنَ وَتَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ مَنْ اٰمَنَ
بِهٖ وَتَبْغُوْنَهَا عِوَجًا ۚ وَاذْكُرُوْۤا اِذْ كُنْتُمْ قَلِيْلًا فَكَثَّرَكُمْ
وَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿۸۶﴾
وَاِنْ كَانَ طَآئِفَةٌ مِّنْكُمْ اٰمَنُوْا بِالَّذِيْۤ اُرْسِلْتُ
بِهٖ وَطَآئِفَةٌ لَّمْ يُؤْمِنُوْا فَاصْبِرُوْا حَتّٰى يَحْكُمَ
اللّٰهُ بَيْنَنَا ۚ وَهُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ﴿۸۷﴾

૨૭૨. કારણ કે હલાલ છોડીને હરામમાં પડયા અને એવા ઘૃણિત કાર્યમાં સંડોવાયા. કામવાસના મનુષ્યને વંશવૃદ્ધિ અને જગતની આબાદી માટે આપવામાં આવી છે, અને વંશપ્રાપ્તિ માટેનું સ્થાન સ્ત્રીઓને બનાવવામાં આવ્યું છે. કે જેથી તેણીઓ પાસેથી પ્રચલિત નિયમ મુજબ અને શરીઅત (ધર્મ શાસ્ત્ર) ની આજ્ઞા પ્રમાણે ઔલાદ મેળવવામાં આવે. જ્યારે માનવીઓ સ્ત્રીઓને છોડીને તેણીઓનું કામ પુરૂષો પાસેથી લેવા માંડયા ત્યારે તેઓ હદથી વધી ગએલા જ કહેવાયા. અને તેમણે એ શક્તિના સાચા હેતુને ગુમાવી દીધા. કારણ કે પુરૂષને ન હમલ (ગર્ભ) રહે છે ન તે બાળક જન્માવે છે, તો પછી તેની સાથે એવું કાર્ય કરવું એ શયતાનિયત નથી તો બીજું શું છે?

જીવનવૃત્તાંત અને ઈતિહાસના જાણકારોનું કહેવું છે કે લૂતની કોમના ગામો ખૂબ ફળદ્રુપ હતાં, ત્યાં અનાજ અને ફળો મોટા પ્રમાણમાં થતાં હતાં, ધરતીનો બીજો કોઈ ભાગ તેના જેવો ન હતો. માટે દરેક જગ્યાથી લોકો ત્યાં જતા હતા અને તેમને હેરાન કરતા હતા. એવા સમયે ઈબલીસ લઈન એક વૃદ્ધના રૂપમાં જાહેર થયો અને તેમને કહ્યું કે; 'જો તમે મેહમાનોના ઘાડાંઓથી છુટકારો ઈચ્છતા હોવ તો તેમના સાથે પ્રકૃતિ વિરૂદ્ધ કાર્ય કરો' એવી રીતે એ કુકૃત્ય તેમણે શયતાન પાસેથી શિખ્યું અને તેમનામાં પ્રચલિત થયું.

૨૭૩. એટલે કે લૂત અને તેમના અનુયાયીઓ.

૨૭૪. પવિત્રતા જ સારી હોય છે, તે જ વખાણવા લાયક છે, પણ તે કોમનું માનસ એટલુ વિકૃત બની ગયું હતું કે તેમણે એ વખાણ પાત્ર ટેવને એબ ઠેરવી.

૨૭૫. એટલે કે હઝરત લૂત અલયહિસ્સલામને.

૨૭૬. તે કાફિર સ્ત્રી હતી અને તે કોમ સાથે મોહબ્બત ધરાવતી હતી.

૨૭૭. આશ્ચર્યજનક, જેમાં એવા પથ્થરો વરસ્યા જે આગ અને ગંધકના બનેલા હતા. એક કથન એવું છે કે જે લોકો તે ગામમાં હતા તેઓ ધરતીમાં ખુપાવી દેવામાં આવ્યા, અને જે સફરમાં હતા તેઓ એ વરસાદથી નાશ પામ્યા.

૨૭૮. મુજાહિદનું કહેવું છે કે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ ઉતર્યા અને તેમણે પોતાના બાહુ કોમે લૂતના ગામોની નીચે નાખીને તે વિસ્તારને ઉખેડી લીધો અને આકાશ પાસે તેને લઈ જઈને તેને ઊંધો કરીને ખંખેરી નાખ્યો, ત્યાર પછી (ઉપરથી) પથ્થરનો વરસાદ વરસાવાયો.

૨૭૯. જેનાથી મારી નબુવ્વત અને રિસાલત ચોક્કસપણે પુરવાર થાય છે, એ દલીલ એટલે મો'જિઝો.

૨૮૦. તેમના હક્કો ઈમાનદારીથી પુરેપુરા આપો.

૨૮૧. અને દીનના અનુસરણમાં લોકો માટે માર્ગની અડચણ બનો.

૨૮૨. તમારી સંખ્યા વધારી દીધી માટે તેની નેઅમતનો આભાર માનો અને ઈમાન લાવો.

૨૮૩. બોધ ગ્રહણ કરવાની આંખે, આગળના સમયમાં માથુ ઊંચકનારાઓનાં પરિણામો, અને વિચારો.

૨૮૪. એટલે કે (જો) તમે મારી રિસાલતમાં મતભેદ કરીને બે જુથો બની ગયા, એકે માન્યું એકે નકાર કર્યો.

૨૮૫. કે માનનાર ઈમાનવાળાઓને ઈજ્જત આપે અને તેમની સહાય કરે અને જૂઠાડનાર ઈન્કારી-ઓનો નાશ કરે અને તેમને અઝાબ કરે.

૨૮૬. કારણ કે તે ખરો હાકેમ છે.